

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ શ્રી પાવાપુરી

પુસ્તક ૫૪
અંક ૫-૬

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ફાગણ-ચૈત્ર
સં. ૨૦૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયાનુક્રમ


| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રભુના પરમ ધન ! | (પાદરાકર) | ૬૫ |
| ૨. | દીપક અને આત્મા | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૬૬ |
| ૩. | ભારતની એક વિરલ વિભૂતિ | (મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી) | ૬૭ |
| ૪. | શ્રમણ સંસ્કૃતિનું મહત્ત્વ | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૭૦ |
| ૫. | યશોવિજય ગણીનું વક્તવ્ય | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૭૩ |
| ૬. | ભગવંત મુખે ચઢેલ સ્ત્રીરત્ન | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૭૯ |
| ૭. | વીરભક્ત આનંદ | (કા. જ. દોશી) | ૮૨ |
| ૮. | મહાવીરે નિર્વાણનું વર્ષ | (શ્રી ખીમચંદભાઈ ચાંપશી) | ૮૫ |
| ૯. | સંક્ષિપ્ત મહાવીર જીવન-દુહામાં | (રતિલાલ દીપચંદ દેસાઈ) | ૯૪ |
| ૧૦. | સાહિત્ય-સત્કાર | | ૯૬ |
| ૧૧. | વર્તમાન-સમાચાર | | ટા. પે-૩ |


## રજીસ્ટ્રેશન ઓફ ન્યુસ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬'ના અન્વયે

**"આત્માનંદ પ્રકાશ"** સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે.

૧ પ્રસિદ્ધિ સ્થળ—ખારગેટ, ભાવનગર

૨ પ્રસિદ્ધિ ક્રમ—દરેક મહિનાની પંદરમી તારીખ

૩ મુદ્રકનુ નામ—શ્રી હરિલાલ દેવચંદ શેઠ

કયા દેશના—ભારતીય

ઠેકાણું—આનન્દ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર

૪ પ્રકાશકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

કયા દેશના—ભારતીય

ઠેકાણું—ખારગેટ-ભાવનગર

૫ તંત્રીનું નામ—શ્રી ખીમચંદ સી. શાહ; શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ

કયા દેશના – ભારતીય

ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

૬ સામયિકના માલિકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

અમે આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે. તા. ૧૦-૪-૫૭

સહીઓ

ખીમચંદ સી. શાહ

વિઠ્ઠલદાસ મૂ. શાહ

હરિલાલ દે. શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૪ મું ] સં. ૨૦૧૩ : ફાગણ-ચૈત્ર [ અંક ૫-૬

# પ્રભુના પરમધન!

(આશા)

પરમધન પ્રભુનાં સત્-ચિત્ ૐ
જ્વલંત જ્યોતિ બ્રહ્મરંધ્રમાં! જાગે ચિદ્ઘન ૐ
સાધક સાધે મન આરાધે, ગાજે ગર્જન ભોમ! પરમ

યોગી અલખ લખના ઘડવૈયા, સ્મરણે જાગે જોમ!
અદ્ભુત ઉત્પત્તિ સ્થિતિ લયના, ત્રાટક લોમ વિલોમ! પરમ

તત્ત્વમસિ તેજલ તુર્યાતીત, અજપાજાપ જ ૐ
શૂન્યશિખર પર આસન અવધુત, ૐ શાંતિ રસ સોમ! પરમ

સાધ્ય સાધના સાધક ત્રિપુટિ, સાધે ૐ ૐ ૐ
દિવ્ય બનાવે નરને નરોત્તમ, કરતાં મનેંદ્રિ હોમ! પરમ

પ્રેમ યોગીઓ પ્રભુને પામે, મર જીવા દિલ મોમ!
વિકાર બાળે વિલાસ ટાળે, સંયમ રોમે રોમ! પરમ

ભજન પ્રભુનું, સ્મરણ ગુરુનું, દૃઢ આસન દિલ ૐ
દયા દાન પરહિત અર્પાતા, પ્રભુ પ્રકટશે ૐ! પરમ

મન વાણી કાયાને સાધી, સંયમ માનસ સોમ!
રાગ દ્વેષને જીતી જગવે, માનવતા મનુ ૐ! પરમ

પરમ પ્રભુ પ્રભુતા પામીને, ખુદ મનુ થા પ્રભુ ૐ
થાય નરોત્તમ નરનો માનવ, મણિમય સત્ચિત્ ૐ! પરમ

પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દીપક અને આત્મા

(હરિગીત)

આત્માતણે ઉપમા ઉચારે જ્યોતિની કવિજન સહુ,
પણ સાર્થ કિમ કહેવાય એને સ્વરૂપ ભિન્ન દિસે બહુ;
દીવાતણી ઉપમા ન છાજે છેક મર્યાદિત દિસે,
આત્મા અનંત પ્રકાશ ધારે વિશ્વવ્યાપી જે વસે. ૧

દીવો કરે છે પાત્રને[૧] પણ બહુ અપાત્ર[૨] તમે જુઓ,
આત્મા કરે છે પાત્ર જગમાં સહુ અપાત્રોને જુઓ;
દીવો કરે સ્નેહનો[૩] પણ નાશ ક્ષણ ક્ષણમાં દિસે,
આત્મા વધારે શાંતિ મૈત્રી ભાવના જગમાં વસે. ૨

અતિ શ્યામ કાજળ ઓકતો દીવો સદા તો દીસતો,
આત્મા સદા નિર્મળ ગુણોની વૃદ્ધિ કરતો ભાસતો;
કાળું દિસે છે અતિ વિશોભિત અંતરંગ દીવાતણું,
સહુ શુદ્ધ ભાવો ધારતું છે હૃદય જે આત્માતણું. ૩

જે સૂત્રને[૪] ઉત્સૂત્ર[૫] કરતો બાળતો દીવો દિસે,
આત્મા તણી ગતિ છે સુસૂત્ર[૬] જ રક્ષતી નિજ ગુણ વસે;
આત્મા ઝળાહળ દીપ્તિ[૭] સુંદર કિરણ જેના સૌમ્ય છે,
કરતો વિકસ્વર ને પ્રકાશિત વિશ્વ ગુણ ભંડાર જે. ૪

દીવાતણી ઉપમા ન છાજે અમિત ગુણનિધિ આત્મને,
જે અનુપમેય અનંત શકિત ધારતો ગુણધર્મને;
જ્ઞાનસ્વરૂપી અતુલ ભાસ્કર રમણ જે નિજ રૂપમાં,
તે નિજ સ્વરૂપે પ્રગટ હો ગુરુની કૃપાથી ભાવમાં. ૫

આવરણ કર્મોના ઘણા મુજ આત્મને છે ઢાંકતા,
તે દૂર કરવા નિજ પરાક્રમ પ્રગટ હો સંશય જતા;
સંપૂર્ણ રૂપે પ્રગટ થાતા રવિ ઝળાહળ દીપશે,
બાલેન્દુના સહુ તિમિર દૂરે નાસશે ક્ષણમાં જશે. ૬

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

---

૧ દીવી, લાયક ૨ નાલાયક ૩ પ્રેમ અગર તેલ ૪ દીવેટ.
૫ ઢીલો અથવા શાસ્ત્ર વિરુદ્ધ. ૬ સરખી. ૭ તેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતની એક વિરલ વિભૂતિ

મુનિશ્રી ચંદ્રપ્રભસાગર
( ચિત્રભાનુ )

હિંસાના ભડકાથી સળગતી દુનિયા પર, વિલાસમગ્ન દુનિયા પર, પાપથી ખદબદતી દુનિયા પર, ચૈત્ર શુદ તેરસના પુનિત દિવસે એક અજોડ બાળકે–વિભૂતિએ અવતાર લીધો.

આંખમાં અમૃત, મુખકમળ પર મધુર સ્મિત, હૈયામાં કરુણા અને આત્મામાં અખંડ વિશ્વવાત્સલ્ય ભરીને અવતરેલી આ વિરલ વિભૂતિને જોઈ દુનિયા દંગ બની ગઇ.

આ વિરલ વિભૂતિના આગમનથી દુઃખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થયો. વસન્તની કામણગારી કોકિલા આમ્રવૃક્ષની શાખા પર આનન્દ ને ઉલ્લાસથી ઝૂલા ઝૂલતી, મંજુલ ધ્વનિથી ટહુકા કરવા લાગી. કુંજની ઘટાઓમાંથી મનોહર પક્ષીઓ મનોજ્ઞ ગીત ગાવા લાગ્યાં, વિશાળ આકાશમાં પરિભ્રમણ કરતા દીવાનાથનો કોમળ પ્રકાશ પુંજ, ધરા પર વર્ષવા લાગ્યો, અને અવિરત નરકની યાતના ભોગવતાં પીડિત હૈયાં, આ શાન્ત અને સુખના મુક્ત વાતાવરણમાં વિહરવાં લાગ્યાં, વાતાવરણ કાંઇક અલૌકિક હતું !

શૈશવને ઓળંગી એણે યૌવનમાં પ્રવેશ કર્યો. એ દિવસોમાં એમના યૌવનનો રંગ જામ્યો. સાથે સંસારનો રંગ પણ ખીલ્યો અને પ્રિયદર્શના જેવું સંસ્કારી સંતાન જન્મ્યું, પણ આ બધું એ વિરલ વિભૂતિને મન પુણ્યરૂપી રોગનો નાશ કરવા માટે ઔષધરૂપ જ હતું. આમ કરતાં ત્રીશ વર્ષના વા'ણાં તો વિજળીના ચમકારની પેઠે વહી ગયાં. માનવીને સુખના દિવસો કેટલા સોહામણા લાગે છે ?

દુનિયાના સદ્ભાગ્યના એક મનોહર પ્રભાતે, આ વિરલ વિભૂતિએ વૈભવથી ઉભરાતાં રાજમંદિરોનો અને વ્હાલસોયાં સ્નેહીઓનો ત્યાગ કરીને, મહાભિનિષ્ક્રમણ કર્યું; કારણ કે દુનિયા એમને દુઃખથી છલકાતી દેખાણી. દુનિયા જ્યારે દુઃખથી રીબાતી હોય ત્યારે આ કોમળ હૈયું સુખમાં કેમ વિલસી શકે ?

આ વિરલ વિભૂતિના વસમા વિયોગની વેધક વાંસળી વાગી અને ક્ષત્રિયકુંડ ગામના ઉપવનમાં એક અજોડ કરુણ દૃશ્ય જામ્યું. આ દૃશ્ય આ જીવનસમર્પક વિભૂતિની વસમી વિદાયનું હતું. આ દૃશ્ય અનાથ વિરલ હૈયાઓની કોમળ લાગણીઓથી છલકાતું હતું. આ દૃશ્ય વચ્ચે હૃદયવિદારક ઘેરા ડૂસકા અને સાચાં આંસુ પણ હતાં. હા ! આકરી વિદાય કોમળતાપૂર્વક ભજવાતી હતી. આ વિદાયના દૃશ્યમાંથી વાત્સલ્ય અને કરુણાની ધારા ટપકતી હતી. આ વસમી વિદાયની વાંસળીમાંથી હૈયાને હચમચાવી મૂકે એવા કરુણા અને વેધક સૂરો વારંવાર આવી નાજુક હૈયાંઓને વ્યથિત કરતાં હતાં. પોતાના લઘુ બન્ધવનું આ મહાભિનિષ્ક્રમણ નન્દિવર્ધનના વાત્સલ્યપૂર્ણ હૈયાને વલોવી નાંખતું હતું. જીવનમાં ક્ષણ માત્ર પણ છૂટો નહિ પડનાર પોતાનો લઘુ બાન્ધવ આજે સદાને માટે ગૃહ ત્યાગ કરે છે. ખરેખર, માનવીની પ્રિય વસ્તુ જાય છે ત્યારે જીવનનું સર્વસ્વ લેતી જ જાય છે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીશ વર્ષ સુધી સૌરભવાળા તરુવરોની શીતળ છાયામાં વિહરનાર માનવી, અખંડ અગ્નિ ઝરતા તડકામાં તપે, પુષ્પોની નાજુક શય્યામાં પોઢનાર માનવી, કંટક પર કદમ ભરે, લાખ્ખોની સલામ ઝીલનાર માનવી, રંક આર્યોના અપમાન સહે; આ કાર્ય કેટલું કપરું છે? એ તો અનુભવીનું હૈયું જ વેદી શકે તે આ વિરલ વિભૂતિનું હૈયું જ!

સાડા બાર વર્ષ સુધી મૌનપણે ઘોર તપશ્ચર્યા કરી. આ દિવસોમાં એમના પર અનેક વિષમ વિપત્તિનાં વાદળાં એક પછી એક ઘેરાવા લાગ્યાં, છતાં એમણે ધૈર્ય, સહિષ્ણુતા અને શાન્તિપૂર્વક એમને પ્રસન્નમુખે આવકાર આપ્યો.

આમ અનેક યાતનાઓના દાવાનળમાં આ તેજસ્વી વિરલ વિભૂતિના કર્મો બળીને રાખ થયાં અને એમનો અનન્ત સૂર્યના ઘેરાવા પ્રકાશથી ચમકતો આત્મા પ્રકાશી ઊઠયો. કૈવલ્ય વ્યાપી રહ્યું અને અન્ધકારનો નિતાન્ત નાશ થયો. પૂર્ણ આત્માના પ્રકાશથી દિશાઓ વિલસી રહી. આ રળિયામણા સમયે એમના મુખકમળ પર નિર્દોષ આનન્દ, વિશ્વવાત્સલ્ય ને પ્રશાન્ત ગાંભીર્યનો ત્રિવેણી સંગમ જામ્યો!

સાડાબાર વર્ષ સુધી સેવેલા મૌનનું દિવ્ય તેજ આ વિરલ વિભૂતિના શરીરના રોમાંચોદ્વારા ફૂવારાની જેમ વસુંધરા પર પ્રકાશ પાથરી રહ્યું. વર્ષોને અન્તે એમની મેઘ ગંભીર મંજુલ ધ્વનિ સાંભળીને શું દેવો કે શું દાનવો, શું માનવો કે શું અન્ય પ્રાણીઓ; બધા એમની નિકટમાં આવવાં લાગ્યાં. એમનો ઉપદેશ સાંભળવા એ બધાં અધીર બન્યાં.

આ વિરલ વિભૂતિએ મેઘ ધારાની પેઠે ઉપદેશ પ્રારંભ્યો—"**મહાનુભાવો ! જાગો! વિલાસની મીઠી નિદ્રામાં કેમ પોઢ્યા છો? તમારું આત્મિક ધન લૂંટાઇ રહ્યું છે. ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર મહાન્ ધૂર્ત છે. એ તમને મોહની મદિરાનું પાન કરાવી, તમારા જ હાથે તમારી અમૂલ્ય સંપત્તિઓનો નાશ કરાવી રહ્યા છે, માટે ચેતો! સાવધાન બનો! જાગરૂક બનો! અને એ ધૂર્તોનો સામનો કરો.**"

કદી ન ભૂલાય તેવો મનોહર સ્વર ફરી ત્યાં ગુંજી રહ્યો—"હે દેવોને પણ પ્રિયજનો! આ જીવન કેવું ક્ષણભંગુર છે તેનો વિચાર કરો. યૌવન પુષ્પની જેમ કરમાઇ જનારું અસ્થાયી છે. સંપત્તિ વિજળીના ચમકારાની પેઠે ક્ષણિક છે. વૈભવો સન્ધ્યાના રંગની જેમ અસ્થિર છે. સંયોગો મન્દિરની ધ્વજાની પેઠે અચળ છે. આયુષ્ય પાણીના પરપોટાની જેમ અશાશ્વત છે. સંસારમાં માત્ર ધર્મ જ એક એવો છે કે જે સ્થાયી, અચલ, શાશ્વત છે. આ ઉત્તમ ધર્મ પામ્યા માટે ધર્માન્ધતાને છોડવી જ પડશે. ધર્માન્ધતાને છોડ્યા વિના સત્ય ધર્મ મળવો મુશ્કેલ તો શું પણ અશક્ય છે! ધર્માન્ધતાએ સત્ય ધર્મને ગુંગળાવી નાખ્યો છે. માનવોને અન્ધ બનાવ્યાં છે. આ અન્ધતામાંથી કલહ અને કંકાસનું સર્જન થયું છે. આ ધર્માન્ધતાથી મહાયુદ્ધો થયાં છે. માનવી, માનવીનો શત્રુ થયો છે. આ જ અન્ધતાને લીધે જ્ઞાન પણ અજ્ઞાનમાં ફેરવાઈ ગયું છે. હિંસા પણ અહિંસાને નામે પ્રગટી છે. પાપ પણ પુણ્યના નામે જીવતું થયું છે. અધર્મ પણ ધર્મને બહાને પ્રગટ થયો છે માટે સત્ય ધર્મ મેળવવાનો અમોઘ ઉપાય બતાવું છું તે પ્રમાદ ત્યજી સાંભળો!

જીવન વિકાસનો અમૂલ્ય ઉપાય અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદની કસોટી પર ધર્મની પરીક્ષા સુંદર રીતે થઇ શકે છે, માટે જીવનમાં અનેકાન્તવાદ કેળવો, એના વડે વિશ્વાત્મૈક્ય કેળવો. એકએકનો સમન્વય સાધો. અનેકાન્ત એ પૂર્ણ દૃષ્ટિ છે. એના વડે વિશ્વમાં રહેલા સત્ય તત્ત્વોનું ગવેષણ કરો, અનેકાન્તવાદ એ સાચો ન્યાયાધીશ છે! એ જ વિશ્વને નિષ્પક્ષપાત સાચો અને પૂર્ણ ન્યાય આપશે. એ અસત્યના કાળા પડદાને ચીરી નાખશે અને સત્યના દર્શન કરાવશે.આ અનેકાન્તવાદને સ્યાદ્વાદ કહો કે સાપેક્ષવાદ કહો, બધું એક જ છે. આ અનેકાન્તવાદની દૃષ્ટિ જ્યાં સુધી જીવનમાં નહિ આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં સુધી માનવીનો વિકાસ થંભેલો જ છે, એવો મારો સ્વાનુભવ છે !"

અનેકાન્તવાદનો આ ભવ્ય સિદ્ધાન્ત સાંભળી લોકોનાં હૈયાં આનન્દથી વિકસી ઊઠયાં. આ નૂતન દ્રષ્ટિ પ્રત્યેકને આદરણીય લાગી. તેથી જ લોકોનાં મુખમાંથી આ શબ્દો સરી પડ્યા. "કેવી વિશાળ ભાવના ! કેવી વિશાળ દ્રષ્ટિ ! દેવ ! આપ ધન્ય છો. આપે જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો છે તે અદ્દભુત છે ! આપ આપની વાણીનું અમૃત ઝરણું આ સંતપ્ત સંસાર પર અવિરત વહેતુ રાખો, એવી અમારી નમ્ર વિનંતિ છે, દેવ !"

આ વિભૂતિનો રૂપેરી ઘંટડીના જેવો મધુર ધ્વનિ પુનઃ ગુંજી રહ્યો—"ભાગ્યશાળીઓ ! હું જે કહી ગયો તે જીવનદ્દષ્ટિની વાત કરી ગયો—વિચારવાની વાત કહી ગયો. હવે આચારની વાત કહું છું. વિચારમાં જેમ અનેકાન્તવાદને સ્થાન છે, તેમ આચારમાં અહિંસાને સ્થાન છે.

અહિંસા એ સુંદર સરિતા છે, અનેક તૃષિત હૈયાં એના જળથી તરસ છીપાવે છે. અહિંસા એ સેતુ છે, કે જે બે વિખૂટાં દ્વેષી હૈયાઓને જોડે છે. અહિંસા એ ગુલાબનું ફૂલ છે, જે પોતાની માદક સૌરભથી જગતને પ્રફુલ્લિત કરે છે. અહિંસા એ વસન્તની કોયલ છે, જે પોતાના મધુર સંગીતથી હિંસાના ત્રાસથી ત્રાસિત દિલડાઓને પ્રમોદિત કરે છે. અહિંસા એ જ વિશ્વશાંતિનો અમોઘ ઉપાય છે. અહિંસા વિના વિશ્વમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવાનો બીજો એકેય ઉપાય નથી જ. અહિંસાની અમર ચન્દ્રિકા જ વિશ્વ પર અમૃત વર્ષાવશે.

હિંસાના પાપે જ એક માનવી બીજા માનવીને જળોની જેમ ચૂસી રહ્યો છે. હિંસાની ભાવનાએ જ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને કચડી રહ્યું છે. હિંસક માનસે જ વિશ્વમાં અત્યાચારની હોળી સળગાવી છે. હિંસાના સામ્રાજ્યોએ માનવીને પીડિત, વ્યથિત અને દલિત બનાવ્યો છે. હિંસક ધર્મો નિર્દોષ પશુઓના ભોગ લઈ રહ્યા છે, માટે આચારમાં અહિંસા કેળવો. ધર્મના નામે હોમાતા પશુઓનું રક્ષણ કરો. જાતિવાદના નામે ધિક્કારાતા દલિત વર્ગનો ઉદ્ધાર કરો. અહિંસા એ અમૃત છે. એનું તમે પાન જરૂર કરો ! તમે અમર બનશો. બીજાઓને એનું તમે પાન કરાવો તો દુખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થશે."

આ પ્રેરણાદાયક ઉદ્દઘોષણાથી માનવોમાં જોમ આવ્યું. ચૈતન્યના ધબકારા થવા લાગ્યા. વિજળીની જેમ એમના જીવનમાં અનેકાન્તવાદ અને અહિંસાનો પ્રવાહ વહેવા લાગ્યો. દુરાગ્રહની ગાંઠો ગળવા લાગી. વૈમનસ્ય તો બળીને ખાખ થયું. નિર્બળો સબળ બન્યા. બીકણો બહાદૂર બન્યા. મુડદાલો પણ મર્દ બન્યા. શું વાણીનો વિરલ પ્રભાવ ! આમ સાક્ષાત્કારની સિદ્ધિ દ્વારા જીવનમાં કોઇ અલૌકિક સર્જનલીલા સર્જાતી ગઇ.

ત્યાંથી આ વિરલ વિભૂતિએ વિહાર કર્યો. ગામડે ગામડે ફરી વળ્યા. ગામેગામ માનવમહેરામણ ઉભરાતો ! એમના દર્શનથી માનવો અને ભારતભૂમિ પાવન થતી.

પૂરા ત્રણ દાયકાઓ સુધી અખંડ ઉપદેશનું ઝરણું વહાવી ભારતમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપ્યું. અહિંસા-જળનું સિંચન કર્યું. સત્યનાં વૃક્ષો રોપ્યાં. અસ્તેયના ક્યારા બનાવ્યા. સંયમના છોડવાઓ પર સંતોષના અનેકવર્ણી પુષ્પો વિકસી ઊઠયા. આ ખંડેર ભારતને મોહકનન્દનવનમાં ફેરવી નાખવાનું આ ભગીરથ કાર્ય, આ વિરલ વિભૂતિએ પોતાના જ વિદ્યમાન કાળમાં, અખંડ સાધનાઓ દ્વારા કરી બતાવ્યું–એ ભારતનું અહોભાગ્ય !

પણ દુર્ભાગ્યની એવી એક રજની આવી કે જેમાં આ લક્ષ પ્રકાશી, ઓજસ્વી દીપક, પાવાપુરી નગરીમાં માઝમ રાતે, એકાએક બૂઝાઈ ગયો–નિર્વાણ પામ્યો. જ્ઞાનનો સ્વાભાવિક દીપક બૂઝાતાં વિશ્વમાં અજ્ઞાન-અન્ધકાર વ્યાપવા લાગ્યો. એ અન્ધકારને દૂર કરવા કૃત્રિમ દીપક પ્રગટાવવા પડ્યા અને લોકો એને કહેવા લાગ્યા—દિવાળી—

"દી-પ-આ-વ-લિ"

**એ વિરલ વિભુ મહાવીર ! તારું મધુર નામ આજે પણ માનવ હૈયાની અમર વાણીના તારે ઝણઝણી રહ્યું છે !**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ સંસ્કૃતિનું મહત્ત્વ

( લેખક–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

મરાઠી ભાષામાં પ્રાથમિક કેળવણીમાં ઇતિહાસ ભણાવવામાં આવે છે. તેમાં જૈનધર્મ માટે બે ત્રણ પાનાઓમાં જૈનધર્મ સંબંધી થોડી માહિતી આપવામાં આવેલી છે. તેમાં જણાવવામાં આવેલું છે કે, મહાવીર નામનો એક સરદારનો છોકરો હતો. નાનપણથી જ એ વૈરાગ્ય તરફ આકર્ષિત થએલો હતો. પ્રથમ એણે પાર્શ્વનાથના ધર્મમાં પ્રવેશ કર્યો. પણ ત્યાં એનું મન રમ્યું નહીં. ત્યારે એણે જૈન નામનો નવો ધર્મ સ્થાપન કર્યો. આ માહિતી કેવી વિપરીત છે એ સ્પષ્ટ જણાય છે. ઇતિહાસકારને લખવા છતાં પોતાના લખાણમાં તેઓ ફેરફાર કરવા તૈયાર નથી. બીજી પણ અનેક અસત્ય અને અર્ધસત્ય બાબતો એમાં લખાએલી છે. અને જૈનોના બાલકોને પણ એ જ ભણાવવામાં આવે છે. આમ થવાનું મૂળ કારણ શોધતા એમ જણાય છે કે, લેખકો હજુ મૂળ ઇંગ્લીશ ઇતિહાસકારોના લખાણો ઉપરથી જ તારવણી કરી પોતાના લખાણો તૈયાર કરે છે. અને સાથે સાથે તેઓ વૈદિક ધર્માનુયાયી હોવાને લીધે હજુ બદલાતા કાળનો પણ વિચાર નહીં કરતા અને સીધા જૈનધર્માવલંબીઓ પાસેથી ઇતિહાસ મેળવી સાચી વસ્તુ પ્રગટ નહીં કરતા પોતાના પૂર્વગ્રહને લીધે ગમે તેમ લખ્યે જાય છે. એમાં ધર્માનંદ કૌસાંબીએ બૌદ્ધ ધર્મને લગતું પુસ્તક પ્રગટ કરેલું અને તેમાં જૈનોના માંસાશન જેવી ભયંકર વાતો પ્રગટ કરેલી તેથી જૈનધર્મ સંબંધી ઘણા પૂર્વગ્રહોમાં ઉમેરો કરવામાં આવ્યો છે.

પ્રભુ પાર્શ્વનાથના વખત સુધી ચાર જ મહાવ્રતો મનાતા. ધર્માનંદે એને ચાતુર્યામ ધર્મ તરીકે ઓળખાવ્યો છે. અને પ્રભુ મહાવીરે પાંચ મહાવ્રતો પ્રરૂપ્યા એમાં વાસ્તવિક નવું એવું કાંઇ પણ નથી. ચાર મહાવ્રતોમાં ચોથા મહાવ્રતનો પણ સમાવેશ તો થઇ જ ગએલો હતો. પરિગ્રહમાં જ સ્ત્રીનો સમાવેશ કરવામાં આવેલો હતો. પ્રભુ મહાવીરે પરિગ્રહપરિમાણ વ્રતનો વિસ્તાર કરી તેને ચારને બદલે પાંચ મહાવ્રતો ગણાવ્યા. સ્ત્રીને પરિગ્રહ ગણવામાં સ્ત્રીનું ગૌરવ ઓછું ગણાતું. જાણે અનેક જાતની પરિગ્રહમાં સમાતી વસ્તુમાંની જ સ્ત્રી એ એક વસ્તુ હોય એવો આભાસ ઉત્પન્ન થતો હતો. અને સ્ત્રીનું સ્વતંત્ર અસ્તિત્વ અને માનભર્યું સ્થાન નહીં અંકાતા એને ગૌણપણું આવે એવો અર્થ એમાંથી ફલિત થતો હતો. તેથી જ પ્રભુ મહાવીરે સ્ત્રીનું ગૌરવ જાળવી રાખવા માટે એને સ્વતંત્ર મહાવ્રતની પંક્તિમાં મૂક્યું હતું. જૈનશાસ્ત્ર સ્ત્રીને પુરુષના બરોબરીથી સમાન હક્ક આપે છે. એટલું જ નહીં પણ પ્રત્યક્ષ મોક્ષની પણ અધિકારિણી એને ગણવામાં આવે છે. એવી પરિસ્થિતિમાં વિષયોપભોગના ત્યાગને સ્વતંત્ર સ્થાન આપી ચારને બદલે પાંચ મહાવ્રતો પ્રભુએ ગણાવ્યા એમાં ઘણી દીર્ઘદૃષ્ટિ વાપરવામાં આવી છે એમાં જરાએ શંકા નથી. કાળનું પરિવર્તન થઇ રહેલું હતું અને દરેક વસ્તુનું મૂલ્ય બદલાઈ રહેલું હતું. એવી પરિસ્થિતિમાં પહેલાંની પેઠે જ ચાર મહાવ્રતો રહે તો સ્ત્રીજાતિના ગૌરવમાં વધુ ને વધુ ખોટ આવે તેવો સંભવ જણાતા પ્રભુ મહાવીરે પાંચ મહાવ્રતોની પ્રરૂપણા કરી એ અત્યંત ઉચિત જ ગણાવવું જોઇએ. હાલમાં આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે, સ્ત્રી જાતિએ પોતાનું ગૌરવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારેલું છે. અને પુરુષ કર્તવ્યના દરેક ક્ષેત્રમાં સ્ત્રી જાતિએ પોતાનું સ્થાન કાયમ કરી લીધેલું છે. ધર્માતીત રાજ્યઘટનામાં રાજકારણ, સમાજકારણ, ગ્રંથલેખન અને મુત્સદ્દીપણામાં તેમજ અધિકારગ્રહણ કરી કુશલતાથી તેને નભાવી બતાવવામાં પોતાનો પુરુષાર્થ બતાવી આપ્યો છે. શારીરિક નબળાઇ છતાં સૈનિક જેવા કઠોર જીવનમાં પણ સ્ત્રિયો ઝંપલાવી શકે છે એ સિદ્ધ થઇ ગયું છે. પુરુષવર્ગ માટે વિદ્યાની પદવીઓ જે જે નિયત કરેલ છે તેમાં પણ સ્ત્રીવર્ગે યશસ્વીપણું બતાવેલું છે. મતલબ કે, સંધી અને તક મળતા સ્ત્રીઓ પાછળ જ રહી જશે એમ માનવાને કોઇ પણ કારણ નથી. પ્રભુ મહાવીર જેવા જ્ઞાની ભગવંતે એ વસ્તુ ઓળખી પાંચમું મહાવ્રત પ્રરૂપ્યું એ યોગ્ય જ કર્યું છે. અને એમ કરતાં પ્રભુ પાર્શ્વનાથ સુધી ચાલતા આવેલા સિદ્ધાંતોને જરા પણ બાધ આણ્યો નથી. પણ ઉલટું એ સિદ્ધાંતોનું મૌલિકપણું વધારેલું છે, જેઓ પૂર્વગ્રહ-દૂષિત વિચારોથી જૈનધર્મના દોષો જ જોવા મથે છે તેમની આગળ આપણે કાંઇ પણ કહી શકીએ તેમ નથી.

વૈદિક સંસ્કૃતિ એ બ્રાહ્મણ સંસ્કૃતિ છે. અને જૈન ધર્મની શ્રમણ સંસ્કૃતિ છે. બ્રાહ્મણ સંસ્કૃતિમાં ત્યાગને સમૂળ સ્થાન નથી એમ તો નથી જ, પણ ત્યાગ કરતા ભોગનું પ્રાધાન્ય તેમાં જોવામાં આવે છે. જ્યારે જૈનધર્મની શ્રમણ સંસ્કૃતિમાં ત્યાગનું પ્રાધાન્ય જોવામાં આવે છે.

બ્રાહ્મણ સંસ્કૃતિના દરેક અનુષ્ઠાનો અને તહેવારોમાં આનંદ-પ્રમોદ અને ખાનપાન વિગેરેને વધુ મહત્ત્વ હોય છે. એટલું જ નહીં પણ પ્રત્યક્ષ ઉપવાસ એટલે ભોજનત્યાગમાં પણ અનેક જાતના ખાનપાનને સ્થાન હોય છે. સર્વથા અન્નત્યાગને મહત્ત્વ અપાતું નથી. જ્યારે શ્રમણ સંસ્કૃતિના બધા જ અનુષ્ઠાનો અને તહેવારો ત્યાગપ્રધાન હોય છે અને સર્વથા અન્નત્યાગને મહત્ત્વનું સ્થાન આપવામાં આવે છે. બ્રાહ્મણ સંસ્કૃતિમાં વારંવાર સ્નાન અને તિલકાદિક અંગ-અર્ચાને મહત્ત્વનું સ્થાન હોય છે ત્યારે શ્રમણ સંસ્કૃતિમાં સ્નાનને ફક્ત શરીરશુદ્ધિનું સ્થાન છે. પુણ્યનું સ્થાન નથી. મતલબ કે ભોગ અને શરીરસુખ એ બ્રાહ્મણ સંસ્કૃતિમાં મુખ્યતા ધરાવે છે ત્યારે શ્રમણ સંસ્કૃતિમાં ત્યાગ અને શરીરકલેશને ગૌરવનું સ્થાન છે. આમ હોવાને લીધે જ બ્રાહ્મણ સંસ્કૃતિમાં માનનારાઓ શ્રમણ સંસ્કૃતિના ઉપવાસાદિને તુચ્છ ગણવા માટે અનેક યુક્તિઓ રચે છે.

બ્રાહ્મણ ઇતિહાસકારોએ જૈનોના તત્વજ્ઞાન વિષે એમ લખ્યું છે કે, આત્મહત્યા કરવી એ જૈનોનું તત્વજ્ઞાન છે. આ લખાણમાં જૈનોના ત્યાગમાર્ગને તુચ્છ ગણી તેને હીન લેખવાનો ઉદ્દેશ તરી આવે છે. વાસ્તવિક રીતે જૈનોનું સંલેખણા વ્રત કહો કે અનશન વ્રત કહો એ ઊંચા પ્રકારનો ચારિત્રધર્મ પાળી આત્મસિદ્ધિ મેળવેલ કોઇ વિરલ સાધુ મુનિમહારાજ ગ્રહણ કરે છે. અને એ સર્વસ્વ ત્યાગના રૂપમાં ઓળખાય છે. એ મહાત્યાગને ગૌણ અને તુચ્છ માનવાની બુદ્ધિથી જ આમ લખવામાં આવ્યું છે. અને અનશનને આત્મહત્યા જેવું નામ આપવામાં આવ્યું છે. આત્મહત્યા એ ધારાશાસ્ત્રમાં મોટો ગુનો ગણવામાં આવેલ છે. અને એ સજાને પાત્ર પણ માનવામાં આવે છે. અનશન વ્રત માટે આવો તુચ્છ અને હલકો શબ્દ વાપરવામાં આવ્યો છે. એ ઉપરથી લખનારની બુદ્ધિ અને ઇચ્છા શું હોવી જોઇએ એ સ્પષ્ટ જોવામાં આવે છે. જૈનોના તત્વજ્ઞાનની એટલી જ વસ્તુ એના જોવામાં આવી એ ઉપરથી પણ લેખકની દ્વેષબુદ્ધિ તરી આવે છે.

એક ઇતિહાસ લેખકે તો લખી નાખ્યું છે કે, જૈનધર્મ પુનર્જન્મ માનતો જ નથી. એ શું બતાવે છે ? જૈનો પોતાના ધર્મ અને તત્વજ્ઞાન માટે કેટલા સુષુપ્તાવસ્થામાં છે એ ખુલ્લી રીતે જોવામાં આવે છે. જૈનો પાસે જ્ઞાન, વિજ્ઞાન અને સિદ્ધાંતોનો એટલો મોટો ભંડાર છે કે, જગતના કોઇપણ ધર્મ કરતાં એ ચઢી જાય. પણ આપણે ચાર ભીંતોમાં ગોંધાઈ રહેવું પસંદ કરીએ છીએ. અને આપણો જ્ઞાનભંડાર રખેને કોઈ જોઇ જાય એની તકેદારી રાખીએ છીએ. અન્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મી લોકો આપણા માટે કેવા વિચારો ધરાવે છે અને એમાં દોષ હોય તો તે શી રીતે સુધારી શકીએ એનો આપણે વિચાર સરખો પણ કરતા નથી. હાલનો જમાનો જિજ્ઞાસુઓનો છે અને એની એ જિજ્ઞાસા અતૃપ્ત રહે એ આપણા જ દોષને આભારી છે એમાં શંકા નથી.

જૈનોની શ્રમણ સંસ્કૃતિનો ભગવંત મહાવીરનાં સમયમાં ખૂબ પ્રચાર થયો અને બ્રાહ્મણ સંસ્કૃતિમાં યજ્ઞયાગના નિમિત્તે જે પશુહત્યા થતી હતી તેનો રોધ થયો. એ વસ્તુ બધાઓ કબૂલે છે. બૌદ્ધધર્મનો હાલમાં ચોતરફ જયજયકાર બોલાઇ રહ્યો છે તેના મૂળમાં આપણી શ્રમણ સંસ્કૃતિના જ બીજો સ્પષ્ટ જણાય છે. શાંતતા અને સમાનતા તેમજ પરસ્પર અવિરોધી જીવન અને કલહ અને સંઘર્ષનો શસ્ત્રોથી નહીં પણ વિચારોની આપલે કરીને શાંતતાથી ઉકેલ એ તત્ત્વો સાથે સહજીવનનું મૂલ્ય બુદ્ધ તત્ત્વજ્ઞાન ઉપરથી જ લેવામાં આવેલું છે. શ્રમણસંસ્કૃતિનો એ મોટો વિજય ગણાય. જૈનોએ એમાં સૂર પુરાવી પોતાના તત્ત્વજ્ઞાનની ઝાંખી લોકોને બતાવી આપવાનો આ સુવર્ણ સમય છે, એવા મંગલ પ્રસંગે આપણે ક્રિયાકાંડો પાછળ અને અનુષ્ઠાનો પાછળ આપણી બધી જ શક્તિ ખર્ચી નાખવી એ કેટલું જમાનાને સુસંગત છે એ સમજી લેવું જોઇએ. ધામધૂમ, ભપકો અને ઢોલત્રાંસા વગાડવામાં જ આપણો ધર્મ ગોંધી રાખવો એ કેટલું સુસંગત છે એનો વિચાર કરવાનો વખત પાકી ગએલો છે. ઉત્સવપ્રિયતા અને મોટાઈ એમાં જ ધર્મ અટવાઈ રહે તો તેના તત્ત્વજ્ઞાનનું છેવટ આવી જ ગયું છે એમ માનવામાં હરકત જણાતી નથી.

પ્રભુ મહાવીરના પંચ મહાવ્રતોનો સંદેશ જગતના ખૂણે ખૂણામાં ગાજતો થાય એમ કરવું એ આપણું કર્તવ્ય છે. પંચ મહાવ્રતો અને અણુવ્રતોનું મૌલિકપણું એ જૈનોનો મહાન્ વારસો છે. જગતની બધી ભાષામાં એ પ્રભુ મહાવીરનો સંદેશ પ્રગટ કરવાથી જ જૈનધર્મ તરફ જગતનું આકર્ષણ વધવાનો સંભવ છે. જગતમાં એ મહાવ્રતો જાણી લેવાની તમન્ના વધી છે. જ્યારે ભૂખ લાગી હોય ત્યારે જ ભોજન મળવાથી શાંતિ થાય છે, તેમ હાલમાં જે વસ્તુની માંગ વધી છે ત્યારે જ આપણે તે પૂરી પાડવી જોઇએ, એ આપણું કર્તવ્ય છે.

આપણે આપણી ઘરેડમાં જ રાચીમાચી આત્મસંતોષ માની લઇએ છીએ અને અમે ખૂબ ધર્મ કરીએ છીએ, એમ માની જમાનાની સામે પીઠ ફેરવી આપણી જ ધૂનમાં ચાલતા રહીશું તો આપણે આપણા ધર્મની સેવા કરવાની તક ગુમાવી રહ્યા છીએ એ સ્પષ્ટ જણાય છે. શાસનદેવ સાચી જાગૃતિ અમને આપે એ જ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### નિશ્ચય-નય અને વ્યવહાર-નય પરત્વે વાચક

# યશોવિજયગણિનું વકતવ્ય

( લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

**મ**નુષ્ય એ બુદ્ધિશાળી પ્રાણી છે. એનામાં સારું-નરસું પારખવાની શક્તિ છે, અને એ વિવેકજ્ઞાનના બળે એ ઊંડો વિચાર કરી શકે તેમ છે. આ શક્તિનો ઉપયોગ તાત્ત્વિક વિચારણા માટે વ્યવસ્થિત સ્વરૂપે યોગ્ય પ્રમાણમાં કરાય અને એ દ્વારા ઉદ્‌ભવતી વિવિધ વિચારધારાઓને કેન્દ્રિત કરાય તો તે 'દર્શન' બને. આજ દિન સુધીમાં અનેક દર્શનો અસ્તિત્વમાં આવ્યાં છે. એને લઇને જાતજાતનું દાર્શનિક સાહિત્ય યોજાયું છે. દરેક વિશિષ્ટ દર્શનને અંગેના સાહિત્યમાં અમુક અમુક વિષયોનું તલસ્પર્શી અને વિસ્તૃત નિરૂપણ હોય એ સ્વાભાવિક છે. જૈન દાર્શનિક સાહિત્યનો વિચાર કરતાં જણાય છે કે એમાં અહિંસા, કર્મ-સિદ્ધાન્ત અને સ્યાદ્વાદનું નિરૂપણ અગ્રસ્થાન ભોગવે છે.

'સ્યાદ્વાદ' એટલે વિવિધ નયોની વ્યવસ્થિત વ્યવસ્થા. 'નય' એટલે દૃષ્ટિબિન્દુ. કોઠે કોઠે બુદ્ધિ હોઇ નયોની સંખ્યા ખૂબ જ મોટી છે. એના ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ અનુસાર ભિન્ન ભિન્ન વર્ગો પડે છે. નૈગમ, સંગ્રહ ઇત્યાદિ સાત નયો સુપ્રસિદ્ધ છે. આ સાત નયોને બદલે નયોનાં અન્ય વર્ગીકરણો પણ છે જેમકે દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય, જ્ઞાન-નય અને ક્રિયા-નય, અર્થ-નય અને શબ્દ-નય, અર્પિત-નય અને અનર્પિત નય તેમજ નિશ્ચય-નય અને વ્યવહાર-નય.

આગમિક સાહિત્યમાં પ્રસંગોપાત્ત નયોનું નિરૂપણ છે તેમ અનાગમિક દાર્શનિક સાહિત્યમાં પણ એ ઓછેવત્તે અંશે જોવાય છે. આ સમગ્ર નિરૂપણનો પરિચય પૂરી પાડનારી કૃતિ યોજવા માટે હું કેટલાંય વર્ષોથી અભિલાષા ધરાવું છું અને એને અંગે મેં કેટલીક તૈયારી પણ કરી છે.[1] એવી કૃતિ હાલતુરત તો હું યોજી શકું તેમ નથી. થોડો વખત થયા મેં ન્યાયવિશારદ ન્યાયાચાર્ય વાચક યશોવિજયગણિના વિવિધ ભાષાઓમાં રચાએલા ગ્રન્થોના પરિશીલનનું કાર્ય હાથ ધર્યું છે. આને લઇને ખાસ કરીને એ વાચકે નિશ્ચય-નય અને વ્યવહાર-નય પરત્વે કયા કયા ગ્રંથમાં નિરૂપણ કર્યું છે તેની મેં એક કામચલાઉ નોંધ તૈયાર કરી છે, એ અહીં રજૂ કરું તે પૂર્વે એ વાચકે નયો વિષે જે સ્વતંત્ર કૃતિઓ રચી છે તેનો હું નીચે મુજબ ઉલ્લેખ કરું છું:—

**(૧) નયપ્રદીપ**

**(૨) નયરહસ્ય**

---

૧. દાખલા તરીકે સૌથી પ્રથમ **ન્યાયકુસુમાંજલિ**-ના મારાં ગુજરાતી તેમજ અંગ્રેજી સ્પષ્ટીકરણ (પૃ. ૧૬૫-૧૭૨ અને ૨૨૭-૨૨૯)માં મેં નયો વિષે ઇ. ૧૯૨૨માં કેટલુંક નિરૂપણ કર્યું: ત્યારબાદ ઇ. સ. ૧૯૩૨ સુધીમાં મેં ખાસ કરીને **આર્હતદર્શનદીપિકા**(પૃ. ૨૩૨-૩૩૧)માં મેં આ વિષય ચર્ચ્યો. આગળ જતાં ઇ. સ. ૧૯૪૪ માં The Jaina Religion and Literature (Vol. I)માં (પૃ. ૧૨૩-૧૪૨) માં આ સંબંધમાં મેં અંગ્રેજીમાં આ વિષયને સ્થાન આપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) **નયોપદેશ** અને એને અંગેની સ્વોપજ્ઞ વૃત્તિ નામે **નયામૃતતરંગિણી**[1]

આ સંસ્કૃત કૃતિઓ ઉપરાંત નય વિષયક ત્રણ કૃતિઓ એમણે ગુજરાતીમાં રચી છે.

(૧) નયરહસ્યગર્ભિત અને સીમન્ધરસ્વામીને વિનતિરૂપ **સવાસો ગાથાનું સ્તવન.**

(૨) નિશ્ચય-વ્યવહાર-ગર્ભિત **શાન્તિનાથ સ્તવન.**[2]

(૩) નિશ્ચય-વ્યવહાર-ગર્ભિત **સીમન્ધરસ્વામી સ્તવન.**

નિશ્ચય-નય અને વ્યવહાર-નયના નિરૂપણ અંગે જેમ ગુજરાતીમાં ઉપર્યુક્ત બે સ્તવનરૂપ સ્વતંત્ર કૃતિઓ છે તેમ સંસ્કૃત, પાઇય કે હિન્દીમાં કોઈ સ્વતંત્ર કૃતિ વાચક યશોવિજયગણિએ રચી હોય એમ જણાતું નથી. બાકી આ બે નયો વિષે પ્રાસંગિક નિરૂપણ એમની કેટલીક કૃતિમાં જોવાય છે. આ કૃતિઓ હું નોંધું તે પૂર્વે વ્યવહાર-નય અને નિશ્ચય-નયને અંગે આ ગણિએ **તર્કભાષાના** 'નય' નામના દ્વિતીય પરિચ્છેદ ([3] પૃ. ૨૩) માં જે નીચે મુજબનું કથન કર્યું છે તે રજૂ કરું છું:—

વ્યવહાર-નય લોકમાં પ્રસિદ્ધ અર્થના અનુવાદમાં-કથનમાં તત્પર છે. જેમકે ભમરામાં પાંચે વર્ણ હોવા છતાં એને શ્યામ (કાળો) કહે છે. નિશ્ચય-નય તો તાત્ત્વિક અર્થને સ્વીકારવામાં તત્પર છે. એ નય ભમરાને પાંચ વર્ણવાળો માને છે, કેમકે એનું શરીર બાદર સ્કંધરૂપ હોવાથી પાંચ વર્ણના પુદ્ગલોથી બનેલું છે અને શુક્લ વગેરે વર્ણો દબાયેલા હોવાથી જણાતા નથી.[4]

અન્ય રીતે વિચારતાં વ્યવહાર-નય એક નયને અભિપ્રેત એવા અર્થને ગ્રહણ કરે છે, જ્યારે નિશ્ચય-નય સર્વે નયોને અભિપ્રેત અર્થને ગ્રહણ કરે છે. આમ નિશ્ચય-નય પ્રમાણરૂપ થવાથી નયપણાને વ્યાઘાત થતો નથી, કેમકે સર્વે નયોને સંમત એવો પોતાના અર્થને એ નિશ્ચય-નય પ્રધાનતા આપે છે.

## નિશ્ચય અને વ્યવહારના ભેદ-પ્રભેદ—

યશોવિજયગણિએ **દ્રવ્ય અનુયોગવિચાર** નામની પદ્યાત્મક [5]કૃતિ ગુજરાતીમાં રચી છે અને એ ગહન કૃતિના સ્પષ્ટીકરણાર્થે ગુજરાતીમાં ટબ્બો રચ્યો છે. આ કૃતિમાં નિશ્ચય-નય અને વ્યવહાર-નય વિષે કેટલુંક વિવેચન છે. દાખલા તરીકે આઠમી ઢાલમાં અધ્યાત્મશાસ્ત્રની દૃષ્ટિએ બે મૂળ નય તરીકે નિશ્ચય અને વ્યવહારનો ઉલ્લેખ છે. અહીં નિશ્ચય-નયના શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકાર દર્શાવી કહ્યું છે કે જીવ કેવલજ્ઞાનાદિકરૂપ છે એમ જે નિરુપાધિ અર્થાત્ કર્મોપાધિ રહિત કેવલજ્ઞાનાદિ શુદ્ધ વિષય લઈ આત્માનો અભેદ દેખાડે તે 'શુદ્ધ નિશ્ચય-નય' છે, જ્યારે મતિજ્ઞાનાદિક અશુદ્ધ ગુણને આત્મા કહે તે 'અશુદ્ધ નિશ્ચય-નય' છે. અહીં વ્યવહાર-નયના સદ્ભૂત અને અસદ્ભૂત એમ બે ભેદ દર્શાવી બંનેના ઉપચરિત અને અનુપચરિત એમ બે પેટાભેદ ગણાવાયા છે. તેમાં ઉપચરિત અસ-

---

૧. આ સંસ્કૃત કૃતિઓનો તેમજ નયવિષયક અન્ય સંસ્કૃત કૃતિઓનો પરિચય મેં **જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ** નામના મારા પુસ્તકના તૃતીય વિભાગમાં આપ્યો છે. આ વિભાગ પ્રથમ વિભાગની પેઠે "શ્રી મુક્તિ કમલ-જૈન-મોહનમાલા" તરફથી પ્રકાશિત થનાર છે.

૨. આમાં નિશ્ચય અને વ્યવહાર એ બે નયોનું નિરૂપણ સંવાદરૂપે કરાયું છે.

૩. આ "સિંઘી જૈન ગ્રન્થમાલા"માં **જૈન તર્કભાષાના** નામથી પ્રકાશિત પુસ્તકનો પૃષ્ઠાંક છે.

૪. ભમરાનું આ જાતનું નિરૂપણ **પવયણસારુદ્ધાર** (ગા. ૮૪૭)ની સિદ્ધસેનસૂરિકૃત ટીકા (પત્ર ૨૪૫ અ) માં જોવાય છે.

૫. આને સામાન્ય રીતે **દ્રવ્યગુણપર્યાયનો રાસ** કહે છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્ભૂત વ્યવહાર અસંશ્લેષિત યોગથી–કલ્પિત સંબંધથી હોય. જેમ કે દેવદત્તનું ધન. એવી રીતે અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર સંશ્લેષિત યોગથી છે. દા. ત. આત્માનો દેહ. આ આત્મા અને દેહનો સંબંધ ધનના સંબંધની જેમ કલ્પિત નથી અને એ યાવજ્જીવ છે.

આમ જે અહીં નિશ્ચય–નય અને વ્યવહાર–નયના ભેદ–પ્રભેદ દર્શાવાયા છે, તે નીચે મુજબ રજૂ કરી શકાય :—




**જ્ઞાનબિન્દુ**—આના ૧૮મા પૃષ્ઠમાં અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનની અભિન્નતાનું સમર્થન કરાયું છે. એ પ્રસંગે મહાવાદી (**સિદ્ધસેન દિવાકર**)ની રચેલી **નિશ્ચયદ્વાત્રિંશિકાના** ઉલ્લેખપૂર્વક એમાંનું પદ્ય ઉદ્ધૃત કરાયું છે.

**જ્ઞાનબિન્દુ** પ્રશસ્તિ ( શ્લો. ૨ )માં ' વ્યવહાર–નય ' એ અર્થમાં 'વ્યવહૃતિ–નય'નો પ્રયોગ કરાયો છે અને એ નયને ભેદનું ગ્રહણ કરનારો કહ્યો છે.

**જ્ઞાનસાર**ના તેરમા " મૌન " અષ્ટકના આદ્ય પદ્યમાં કહ્યું છે કે જે જગતનાં તત્ત્વોને માને છે તેને ' મુનિ ' કહે છે. સમ્યક્ત્વ જ મૌન ( યાને મુનિપણું) છે અને ' મૌન ' સમ્યક્ત્વ જ છે. આના સમર્થનાર્થે **પવયણસારુદ્ધાર**( ગા. ૯૪૨ )ની **સિદ્ધસેનસૂરિકૃત** ટીકા( પત્ર ૨૮૧ )માં જે નિમ્નલિખિત પદ્ય અવતરણરૂપે અપાયું છે તે હું નોંધું છું:—

**“ [2]जं मोणं तं सम्मं, जं सम्मं तमिह होइ मोणं तु।**
**निच्छयओ इयरस्स उ, सम्मं सम्मत्तहेउ वि ॥ ”**

યશોવિજયગણિએ **અધ્યાત્મસાર** પદ્યમાં રચ્યો છે. એ સાત પ્રબન્ધમાં વિભક્ત છે. અધિકારની દૃષ્ટિએ એના ૨૧ વિભાગ કરાય છે અને એ દરેકને 'અધિકાર' કહે છે. એ હિસાબે છઠ્ઠા પ્રબન્ધમાં ' આત્મ–નિશ્ચય ' નામના ૧૮ મા અધિકારમાં આત્માને અંગે નિશ્ચય–

---

૧ સર્વ નયોના મૂળ ભેદ બે છે અને તે નિશ્ચય–નય અને વ્યવહાર–નય છે એ વાત નિમ્નલિખિત પદ્યમાં જોવાય છે :—

**“ णिच्छय-ववहार-णया मूलियभेदा णयाण सव्वाणं।**
**णिच्छयसाहणहेऊ दव्वपज्जत्थिया मुणह ॥ ”**

૨ આની છાયા માટે જુઓ **આર્હતદર્શનદીપિકા** ( પૃ. ૧૨૩ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નય અને વ્યવહાર–નય પ્રમાણેનું વિશિષ્ટ નિરૂપણ છે. જેમકે આત્મા અને એનાં જ્ઞાનાદિ લક્ષણો વચ્ચે વ્યવહારથી ભેદ છે, નહિ કે નિશ્ચય–નયથી (શ્લો. ૮); નિશ્ચય–નય પ્રમાણે આત્મા અમૂર્ત છે (શ્લો. ૩૭); શુદ્ધ નિશ્ચય–નય પ્રમાણે આત્મા ચિદાનંદભાવનો ભોક્તા છે, અશુદ્ધ નિશ્ચય–નય પ્રમાણે કર્મે સર્જેલાં સુખ–દુઃખનો ભોક્તા છે અને વ્યવહાર–નય પ્રમાણે આત્મા કર્મનો તેમજ પુષ્પની માળા વગેરે ભોગનો ભોક્તા છે; શરીરનાં રૂપ અને લાવણ્ય, તેમજ વપ્ર, છત્ર અને ધ્વજ દ્વારા વીતરાગની જે સ્તુતિ કરાય તે 'વ્યવહાર–સ્તુતિ' છે, જ્યારે જ્ઞાનાદિ ગુણો દ્વારા કરાતી સ્તુતિ તે 'નિશ્ચય–સ્તુતિ' છે. (શ્લો. ૧૨૪–૧૨૫); આત્મા અશુદ્ધ નય પ્રમાણે બદ્ધ અને મુક્ત છે. જ્યારે શુદ્ધ નય પ્રમાણે એ બદ્ધ પણ નથી તેમ મુક્ત પણ નથી. (શ્લો. ૧૮૯).

યશોવિજયગણિએ **સમકિતના સડસઠ બોલની** [1]**સજ્ઝાય** રચી છે.

એમાં લગભગ પ્રારંભમાં એમણે કહ્યું છે કે દર્શન–મોહના નાશથી જે નિર્મળ ગુણસ્થાન પ્રકટે છે તે 'નિશ્ચય–સમકિત' છે. આ સજ્ઝાયની બારમી ઢાલમાં નીચે મુજબનાં છ સ્થાનક વિષે નિરૂપણ છે:—

(૧) ચૈતન્ય લક્ષણવાળો આત્મા છે.

(૨) આત્મા નિત્ય છે.

(૩) કર્મના યોગે આત્મા કર્તા છે.

(૪) આત્મા પુણ્ય અને પાપનાં ફળનો ભોક્તા છે.

(૫) અચળ, અનંત અને સુખના નિવાસરૂપ મોક્ષ છે.

(૬) સંયમ અને જ્ઞાન એ મોક્ષ મેળવવાના ઉપાયો છે.

આ પૈકી ત્રીજા સ્થાનકનો નિશ્ચય–નય અને વ્યવહાર–નય પ્રમાણે વિચાર કરતાં નીચે મુજબ ઉલ્લેખ કરાયો છે:

નિશ્ચયથી નિજ ગુણનો કર્તા, અનુપચરિત વ્યવહારે રે
દ્રવ્ય કર્મનો, નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે."
—ત્રીજી કડી

યશોવિજયગણિએ વિ. સં. ૧૭૩૯ માં **જંબૂ-સ્વામીનો રાસ** રચ્યો છે.

એની પાંચમી ઢાલમાં એમણે વ્યવહાર–નય અને નિશ્ચય–નયને અંગે નીચે પ્રમાણે કથન કર્યું છે.

"સુંદર, વય–પર્યાય જે શ્રુત કહ્યા,
તે વ્યવહારના ઠાણ હો.—૧૧

સુંદર, તિહાં પક્ષ ન માસડા,
સંવત્સર ન ગણાય હો,
સુંદર, મૂલ–ઉત્તર ગુણ નવિ ચલ્યા,
તે તો સમય ભણાય હો.—૧૨

સુંદર, નવિ મુંડીએ મુંડિતપણું,
શિરમુંડન ન એકાંત હો,
સુંદર, વ્યવહારે હુએ તિસ્યા,
નિશ્ચય નિજ વિશ્રાન્ત હો.—૧૩

ઘર રહેતો તૂં પરા યતિ,
જ્ઞાન યોગ વ્યવહાર હો,
તેણે બે નય છે પ્રમાણીયા,
સાચો એ સૂત્રવિચાર હો.—૧૪

'न वओ इत्थ पमाणं
न य परियाओ विगिच्छियनयेणं।
ववहारओ उ कीरइ
उभयनयमयं पुण पमाण।'
—इति श्रीआवश्यके

[1] આ સજ્ઝાય એ **દંસણસુદ્ધિ** યાને **દરિસણ-સત્તરિ** કે જે ૭૦ ગાથામાં રચાઇ છે, અને જે **સમ્યક્ત્વ–સપ્તતિ** તરીકે સુપ્રસિદ્ધ છે તેના છાયાનુવાદરૂપ છે. આ **દંસણસુદ્ધિના** કર્તા તરીકે સમભાવ-ભાવી **હરિભદ્રસૂરિનો** ઉલ્લેખ કરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વયનું ઇહાં પ્રમાણુ નથી. પર્યાયનું પણુ પ્રમાણુ નથી. નિશ્ચય નયને વિષે વળી વ્યવહાર નયનું પ્રમાણુ કરીએ. ઉભય નયનો મત વળી પ્રમાણુ જ છે.''

**અજઝપ્પમયપરિક્ખા** (અધ્યાત્મમતપરીક્ષા) એ યશોવિજયગણિએ ૧૮૪ પદ્યમાં પાઇયમાં રચેલી કૃતિ છે. એનાં ૪૪માંથી ૬૮મા પદ્યોમાં નિશ્ચય-નય અને વ્યવહાર-નયને લગતી કેટલીક બાબતો વિચારાઈ છે. એમાં નિશ્ચય-નય અને વ્યવહાર-નયના પક્ષપાતીઓ વચ્ચે સંવાદરૂપે નિરૂપણ કરાયું છે અને મધ્યસ્થ પ્રમાણવાદી દ્વારા એ બેનો મેળ સધાયો છે.[1] આ ઘટના ઉપર્યુક્ત **શાન્તિનાથ-સ્તવનનું** સ્મરણ કરાવે છે. એથી હું અહીં ઉમેરીશ કે યશોવિજયગણિએ સંસ્કૃત અને પાઇયમાં કૃતિઓ રચ્યા બાદ એ ભાષાઓથી અપરિચિત જનોના લાભાર્થે એ કૃતિઓમાં પીરસાયેલી મૂલ્યશાળી વાનાંઓ ગુજરાતીમાં રજૂ કરી છે. આથી તો એમની ગુજરાતી કૃતિઓનો તલસ્પર્શી અભ્યાસ કરનારને સંસ્કૃત અને પાઇય કૃતિઓમાંની બધી ઉપયોગી બાબતોનું જ્ઞાન થઇ શકે તેમ છે. આ પરિસ્થિતિમાં ગુજરાતી કૃતિઓનાં સમીક્ષાત્મક સંપાદનોમાં ઉપાધ્યાયજીની સંસ્કૃત અને પાઇય કૃતિઓમાંથી સંતુલનાર્થે અવતરણો અપાવાં ઘટે.

યશોવિજયગણિએ ૯૦૫ ગાથામાં જઇણમરહટ્ઠીમાં-એક પ્રકારની પાઈય ભાષામાં 'ગુરુ'તત્ત્વનો સચોટ બોધ કરાવનારી **ગુરૂતત્તવિણિચ્છય** નામની કૃતિ રચી છે અને એના સ્પષ્ટીકરણ તરીકે ૭૦૦૦ શ્લોક જેવડી સંસ્કૃતમાં ગદ્યમાં વૃત્તિ રચી છે. સમગ્ર કૃતિ ચાર ઉલ્લાસમાં વિભક્ત કરાઇ છે. એનો પ્રથમ ઉલ્લાસ નિશ્ચય-નય અને વ્યવહાર-નયના સ્વરૂપ ઉપર વિસ્તૃત અને વેધક પ્રકાશ પાડે છે. એ બે નયોનો યથાર્થ અભ્યાસ કરવા ઇચ્છનારને એમાંથી પુષ્કળ સામગ્રી મળી રહે તેમ છે. એમાં દાખલા અને દલીલો દ્વારા આ વિષય ચર્ચાયો છે. ફળનો આધાર નિશ્ચય-દૃષ્ટિ ઉપર છે કે વ્યવહાર-દૃષ્ટિ ઉપર, એકાંતે નિશ્ચયવાદીની માન્યતાઓ શી છે અને એમાં શી ત્રુટિઓ રહેલી છે, વાસ્તવિક નિશ્ચય-નયનો વ્યવહાર-નય સાથે શો સંબંધ છે ઇત્યાદિ બાબતોનું અહીં તલસ્પર્શી નિરૂપણ કરાયું છે.[2] આજકાલ નિશ્ચય-દૃષ્ટિનો જે પવન ફુંકાય છે એથી એક બાજુ વ્યવહારદૃષ્ટિમાં ખૂબ જ ખૂંચી ગયેલા વ્યવહારમૂઢ બનેલા જનોની આંખ ઉઘડશે અને બીજી બાજુ આ બંને દૃષ્ટિઓ પૈકી ગમે તે એકની વિના કારણ એકાંત પ્રરૂપણાથી અને એના અતિસેવનથી મુમુક્ષુને થનારી હાનિથી એને બચાવી લેવાનો માર્ગ શોધાશે.

અહીં એ ઉમેરીશ કે જે નિશ્ચયનયને લક્ષીને કુન્દકુન્દાચાર્યે **સમયસાર** રચ્યો છે તેની ભારોભાર પ્રશંસા થોડા વખત થયા થાય છે. એનું નિમ્નલિખિત પદ્ય કે જે નિશ્ચય-નય અને વ્યવહાર-નયનો ભેદ બતાવે છે તે પદ્ય અવતરણરૂપે યશોવિજયગણિએ ગુરુતત્તવિણિચ્છય(પદ્ય ૨૦)ની સ્વોપજ્ઞ વૃત્તિ ( પત્ર ૫ આ)માં આપ્યું છે:—

" **ववहारोऽभूयत्थो भूयत्थो**
**देसिओ दु सुद्धणओ ।**
**भूयत्थमासिओ खलु**
**सम्मद्दिट्ठी हवइ जीवो** ॥११॥"

વળી પત્ર ૬અમાં **સમયસાર**ની ગાથા ૭, ૮, ૯, ૧૦ અને ૧૨ પણુ ઉદ્ધૃત કરાઇ છે.

વિશેષમાં આ યશોવિજયગણિએ **સમયસારનાં** કેટલાંક પદ્યોને સંસ્કૃત સ્વાંગ સજાવી **અધ્યાત્મસાર**માં સ્થાન આપ્યું છે.

યશોવિજયગણિએ પૂર્વાચાર્યની કૃતિઓમાંથી

---

૧ જુઓ ૬૪મું પદ્ય.

૨ આ સંબંધમાં વિશેષ માહિતી મેળવવા ઇચ્છનારે ''ગુરુતત્ત્વવિનિશ્ચય''ના નામથી અને એની સ્વોપજ્ઞ વૃત્તિથી અલંકૃત જે કૃતિ છપાઇ છે તેમાં ગુજરાતીમાં આ ગ્રન્થનો અપાયેલો સારાંશ (પત્ર ૧૧અ ૧૪આ) જોઇ જવો, એથી પણ વધુ હકીકતના જિજ્ઞાસુએ તો સ્વોપજ્ઞ વૃત્તિ જોવી ઘટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર્યુક્ત બે નયને લગતી કેટલીક સામગ્રી લીધી છે એટલે એવી બે કૃતિમાંથી કેટલુંક કથન રજૂ કરી હું આ લેખ પૂર્ણ કરીશ.

**દર્શન-રથ**—'સહસ્રાવધાની' **મુનિસુન્દરસૂરિએ** [1]**ઉપદેશરત્નાકર** (ઉવએસ-રયણાયર) નામની કૃતિ રચી એને સ્વોપજ્ઞ ટીકાથી [2]વિભૂષિત કરી છે. આ કૃતિના મધ્ય તટના ચતુર્થ (અંતિમ) અંશના સાતમા તરંગમાં પ્રારંભમાં પત્ર ૨૨૩ અમાં [2]બે પદ્યો અપાયાં છે.

આ પદ્યોનો સારાંશ એ છે કે-મોહના વિજયરૂપ લક્ષ્મીને મેળવીને જો તમે ઉત્તમ સિદ્ધિ-પુરમાં અર્થાત્ મોક્ષ-નગરમાં જવા તેમ જ અક્ષય સુખ અનુભવવા ઇચ્છતા હો તો દર્શન યાને સમ્યક્ત્વરૂપ શ્રેષ્ઠ રથને ભજો. શ્રુત (સમ્યગ્જ્ઞાન) અને ચરણ (સમ્યક્-ચરિત્ર-રૂપ બે બળદોથી યુક્ત, (છ) આવશ્યક, દાન ઇત્યાદિરૂપ પાથેય (ભાથાવાળો) તેમજ નિશ્ચય અને વ્યવહાર એ બે નયરૂપ ચક્ર (પૈડાં)વાળો દર્શન-રથ મનુષ્યને ઋદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

ઉપર્યુક્ત બે પદ્યોની સ્વોપજ્ઞ ટીકા (પત્ર ૨૨૩ અ ૨૨૪ અ)માં નિશ્ચય-નય અને વ્યવહાર-નય વિષે કેટલુંક સ્પષ્ટીકરણ છે.

(૧) નિશ્ચય-નય આન્તરિક તત્ત્વના નિરૂપણ ઉપર લક્ષ્ય આપે છે, જ્યારે વ્યવહાર-નય બાહ્ય તત્ત્વના નિરૂપણ તરફ નજર રાખે છે.[3]

(૨) સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણમાંથી ગમે તે એકનો નાશ થતાં બાકીનાં બેનો પણ નાશ થાય છે એ કારણને લઇને જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે સમુદિત જ હોય, નહિ કે પરસ્પર વિરહિત. આમ નિશ્ચય નયનું માનવું છે. વ્યવહાર-નયના મતે તો ચારિત્ર વિના પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય-એ બેની ભજના સમજવી. આ સંબંધમાં એક ગાથા અપાઇ છે અને એની વ્યાખ્યા પણ કરાઇ છે.

(૩) બંને નય હોય તો પ્રમાણ છે.

(૪) વ્યવહાર-નયના મતે દ્રવ્ય-લિંગને અને નિશ્ચય-નયના મતે ભાવ-લિંગને વંદન કરાય છે.

(૫) નિશ્ચય-નય પ્રમાણે સર્વજ્ઞે કહેલાં તત્ત્વોમાં યથાર્થ શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે અને એથી યુક્ત હોય તે 'સમ્યગ્દૃષ્ટિ' છે, જ્યારે વ્યવહારનયના મતે મિથ્યાત્વનાં કારણોનું પ્રત્યાખ્યાન કરી સમ્યક્ત્વનાં કારણોનો સ્વીકાર કરનાર 'સમ્યગ્દૃષ્ટિ' છે.

**પવયણસારુદ્ધાર** (ગા. ૯૪૨)ની **સિદ્ધસેન-સૂરિકૃત** ટીકા(પત્ર ૨૮૧ અ)માં કહ્યું છે કે વ્યવહાર નયનો મત પણ પ્રમાણ છે. આનું કારણ એ છે કે એના જ બળથી તીર્થની પ્રવૃત્તિ છે, નહિ તો તીર્થનો ઉચ્છેદ થાય. આ સંબંધમાં નિમ્નલિખિત પદ્ય અહીં અવતરણરૂપે અપાયું છે:—

**'जइ जिणमयं पवज्जह ता मा ववहारनिच्छं मुयह।**
**ववहारनओच्छेए तित्थुच्छेओ जओऽवस्सं॥"**

આનો અર્થ એ છે કે-જો તમે જૈન દર્શન સ્વીકારતા હો તો વ્યવહાર-નય અને નિશ્ચય નયમાંથી એકેને છોડશો નહિ કેમકે વ્યવહાર-નયનો ઉચ્છેદ કરવાથી તીર્થનો ઉચ્છેદ અવશ્ય થાય.

આ પ્રમાણે અત્યારે તો મેં યશોવિજયગણિનું વક્તવ્ય એમની કેટલીક કૃતિઓના આધારે સંક્ષેપમાં દર્શાવ્યું છે પણ આગળ ઉપર સમય મળતાં એમની અવશિષ્ટ કૃતિઓ જોઇ જઈ આ વિષયને વધુ વ્યાપક બનાવવાની મારી ભાવના છે, પરંતુ એ ફલીભૂત થાય તે પૂર્વે આ વિષયને અંગે મહાનિબંધ કોઈ લખશે અને એ છપાશે તો મને આનંદ થશે.

---


૧. આ કૃતિનો કેટલોક ભાગ સંસ્કૃતમાં તો કેટલોક પાઇયમાં છે. જુઓ **ઉપદેશરત્નાકરની** મારી ભૂમિકા (પૃ. ૧૦).

૨. આ બે પદ્યો સંસ્કૃત છાયા સહિત મેં **આર્હતદર્શનદીપિકા** (પૃ. ૨૯૦) માં આપ્યાં છે.

૩. **આવશ્યક-નિર્યુક્તિમાં** સામાચારીમાં 'નિચ્છયનય' અને 'વવહાર'નો ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવંત મુખે ચઢેલ સ્ત્રીરત્ન

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

મીનાક્ષી, તું હવે થોભી જા. આટલા વર્ષોમાં કોઇવાર નથી બન્યું તેવું આજે બની ગયું. એક બે નહીં પણ **લક્ષપાક** તેલના ત્રણ ત્રણ શીશાઓ ફુટી ગયા! ત્હારા જેવી કાળજીપૂર્વક કામ કરનાર બાઇના હાથે આમ થાય એ કંઇ ઓછા આશ્ચર્યની વાત ન ગણાય! જ્ઞાની પુરુષોનું કથન છે કે–કોઇક વાર એવું ચોઘડીયું આવી જાય છે કે એ દરમીઆન અચરાતી સર્વ કરણીઓ નિષ્ફળતાને વરે છે. વિધિના લેખ જ આડા આવી ઊભા રહે છે. એના કારણે કોઇ વ્યક્તિને દોષ દેવા કરતાં અચ્છેરું માની સંતોષ ધરવો ઇષ્ટ છે.

એક તરફ આંગણે આવેલ પૂજ્ય શ્રમણોને વિલંબ થઇ રહ્યો છે, અને કદાચ ત્હારા હાથે સિલકમાં રહેલ એ ચોથો શીશો (બાટલો) પણ ભાંગી પડે તો અતિથિને તેલ વહોરાવ્યા વિના વિદાય કરવાનો પ્રસંગ ઊભો થાય, જે આપણા સરખા ગૃહસ્થના ઘર માટે કમભાગ્યની નિશાનીરૂપ લેખાય, તેથી મને જાતે જ કબાટ પાસે પહોંચી એ લઇ આવવા દે.

એ શબ્દોચ્ચાર સહ એક યુવાનીને આંગણે ઊભેલી સુશીલ નારી, ગૃહના મધ્ય ભાગમાં આવેલ કબાટ તરફ ધીમી ચાલે આગળ વધી. દ્વારમાં ઉભેલા મુનિ એકીટશે તેણીના તરફ મીંટ માંડી રહ્યા. એ લલનાએ સંપૂર્ણ કાળજીપૂર્વક લક્ષપાક તેલનો શીશો હાથમાં બરાબર પકડયો અને જરા પણ ઉતાવળ કર્યા વગર ગજની ચાલે દ્વાર સન્મુખ આવી પહોંચી. એનું ઢાંકણુ ઉઘાડતાં બોલી.

પૂજ્ય સાધુજી! આને ગ્રહણ કરો. થયેલા વિલંબ માટે ક્ષમા માગું છું. આપ સત્વર વસતીમાં પહોંચી જઈ જેમના અંગોપાંગ વાયુના પ્રકોપથી જકડાઇ ગયા છે એવા આજારી ગુરુવર્યને વિલેપન કરી શાતા પમાડો.

દાસી એવી મીનાક્ષી વિચારી રહી છે કે–પોતાને આજે શું થઇ ગયું કે મહામૂલા તેલના ત્રણ શીશા ફોડવામાં પોતે નિમિત્તભૂત બની ગઇ!

કમળાક્ષી એવી એ નવયૌવના જાણે કંઈ બન્યું જ નથી એવી સ્થિરતા ધારણ કરી, તેલ વહોરાવ્યાનો આનંદ માણતી, હરતદય જોડી મુનિને વિદાય આપી રહી છે.

ત્યાં તો સિનેમાના ચિત્રપટની માફક આખું દ્રશ્ય અચાનક બદલાઇ ગયું!

મુનિને સ્થાને એક દિવ્યાંશી વ્યક્તિ કંઇક બોલવાની તૈયારીમાં છે. ઘડીપૂર્વેના ફુટેલા ત્રણ શીશા આખા ને અકબંધ જમીન પર પડયા છે અને ચોથો શીશો તરુણીના હાથમાં પાછો સોંપવાની તૈયારી કરતી એ દેવતાઇ વ્યકિતના મુખમાંથી શબ્દો બહાર પડયા:

શાણી રમણી! ખરેખર તું મહાસત્ત્વશીલા છે. માનવપાત્રમાં આટલી દઢતા ને શમતા ન સંભવે એવા મંતવ્યવાળો હું સૌધર્મ–દેવલોકના સ્વામીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશંસાને અવગણી પરીક્ષા માટે આવેલો અને મેં સાધુનું રૂપ ધારણ કર્યું હતું તેમ જ દેવમાયાથી શીશાને ફૂટેલા બનાવ્યા હતા. આવા કીંમતી તેલનો બગાડ થવાથી તું રોષે ભરાશે અગર તો ધમપછાડા કરશે એવી મારી માન્યતાને તેં જૂઠી પાડી છે. દેવના દર્શનનો જે લાભ લેવો ઘટે તે લેવા માટે મારો આગ્રહ છે.

ઉપરનો પ્રસંગ મગધ દેશના પાટનગર રાજગૃહમાં બનેલો છે. એ વેળા રાજગાદી ઉપર પ્રભાવી રાજવી બિમ્બિસાર હતો. જૈન સાહિત્યમાં એ નામ ઉપરાંત શ્રેણિક નામ પણ ઘણી જગાએ વપરાયેલ દૃષ્ટિગોચર થાય છે. જે સમયની આ વાત છે એ કાળે મગધની કીર્તિ ભારતના ચારે ખૂણે પ્રસરેલી હતી. એમાં વણિક રાણી સુનંદાના પુત્ર મહામંત્રી અભયકુમારની દીર્ઘદર્શિતા તેમજ અગમબુદ્ધિએ સારો ભાગ ભજવ્યો હતો.

રાજવી પાસે યુદ્ધકાળમાં તેમજ આપત્તિના સમયે કુશળતાથી રથનું સંચાલન કરવાની કળામાં નિષ્ણાત એવો **નાગ** નામે સારથિ હતો. એને **સુલસા** નામની શીલસંપન્ન ભાર્યા હતી. બાલ્યકાળથી ઉત્તમ સંસ્કાર પામેલી આ લલનામાં નોંધપાત્ર ઘણા ગુણો હતા, પણ મા-બાપની એકલવાયી પુત્રી હોવાથી પોતાનું ધાર્યું કરાવવાની આદત પડેલી હતી અને એમાં ઊણપ આવતાં એ જલ્દી રોષે ભરાતી. આ જાતની પ્રકૃત્તિથી એક વાર તેણીને ઘણું જ શોષવું પડયું. એવી વિષમ પળ આવી ગઇ કે, જો પૂર્ણપુણ્યના યોગથી એક મહાત્માની આકસ્મિક સ્હાય ન મળી ગઇ હોત તો એ શિયળથી ભ્રષ્ટ થાત અને કુલીનતા ઉપર કલંકનો કૂચડો ફરી જાત. એ બનાવ પછી તેણીનું જીવન સાવ બદલાઇ ગયું હતું. એવામાં જંગમ તીર્થ સમા ભગવંત **શ્રી મહાવીર દેવનો** ઉપદેશ શ્રવણ કરવાની તક સાંપડી. એ દિનથી તેણીએ ગમે તેવા વિકટ ને કપરા પ્રસંગમાં પણ **સમતા** ધારણ કરવાની પ્રતિજ્ઞા લીધી. એનું પાલન એટલી દૃઢતાથી કરવા લાગી કે જેથી એનું નામ ઇંદ્રસભામાં પહોંચ્યું.

પૂર્વે જોયું તેમ લક્ષપાક તેલના શીશા તૂટતાં જોયા છતાં **સુલસા** પોતાના નિયમથી ચલાયમાન ન થઈ અને માયાનો પડદો ઉચકાયો, પ્રશંસાના ઉદ્ગાર સંભળાયા, અને ઇચ્છિત વર માંગવાનું કહેણ કર્ણપટ પર અથડાયું, ત્યારે પણ તેણીએ હૃદયની સ્થિરતા જાળવી, એટલું જ જણાવ્યું કે–

જ્યારથી મેં વીતરાગ દર્શનનો સધિયારો શોધ્યો છે ત્યારથી મારી સ્પષ્ટ માન્યતા બંધાઇ છે કે–'ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં વ્યક્તિના પૂર્વોપાર્જિત કર્મો જ અગ્રભાગ ભજવે છે, અન્ય આત્મા તો નિમિત્તરૂપ બને છે.' એટલે જો દેવનું દર્શન ખાલી ન જવું જોઇએ એમ તમારું માનવું હોય તો મને જ્ઞાનબળે એટલું જણાવો કે મારા વર્તમાન સંસારમાં ગૃહસ્થ જીવન ઉચિત જે ઊણપ છે તે પૂરી થવાનો યોગ છે કે કેમ? અર્થાત્ મારો ખોળો ભરાશે કે નહીં? નીતિકારના વચન પ્રમાણે જ ઘરમાં નાના નાના બાળકો કલરવ કરતાં ને રમતાં કે દોડાદોડ કરતાં નથી જણાતાં એ ઘર નથી પણ અરણ્ય છે. એટલે જ મારો આ પ્રશ્ન છે. બાકી તો 'અપુત્રીયાની ગતિ નથી અથવા તો પુત્ર હોય તો જ સ્વર્ગ મળે' એવા ભૂદેવોના વચનો હું માનનારી નથી જ.

ભગિની સુલસા, વચના પ્રમાણમાં ત્હારામાં આટલી હદની દૃઢતા ને શાણપણ જોતાં મને ત્હારા દર્શનનો યોગ સાંપડયો એ માટે મારી જાતને હું ધન્ય માનું છું. ત્હારા તકદીરમાં સંતાનસુખ છે અને એનું પ્રમાણ પણ નાનુંસૂનું નથી. તું બત્રીશ પુત્રોની માતા થવાનો યોગ લખાવી લાવી છો. સુવાવડ સમયના આવા પ્રસંગો નિર્વિઘ્ને વ્યતીત થાય એ કારણે આ બત્રીશ ગોળી આપું છું એ લેવાથી પ્રસૂતિની પીડાનો સંભવ નહીં રહે. વિશેષમાં કોઈ આપત્તિના સમયે મારું સ્મરણ કરતાં હું હાજર થવાની ખાતરી આપી વિદાય લઉં છું.

ઉપરના બનાવ પછી મહિનાઓ વ્યતીત થઈ ગયા. મગધની આ મહાનગરીમાં જ્યાં રોજના હજારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવો બનતાં હોય અને એ કાળે છાપા કે ટેલીફોન જેવા સાધનો ન હોવાથી એક ભાગમાં બનેલ વાત બીજા ભાગમા પહોંચતા કલાકો પસાર થતાં હોય, ત્યાં એ સર્વની નોંધ કોણ રાખે અને રાખવાની અગત્ય પણ શી હોય ? આમ છતાં રાજગૃહીના **નાલંદા વિદ્યાપીઠ**ની યાદ ભૂલી ન શકાય, એના આંગણે ઉભેલી વિપુલાચળ ને વૈભારગિરિ મળી જે પાંચ ટેકરીઓ છે અને જેની તળાટીમાં ટાઢા–ઉના પાણીના કુંડો છે એને સંભારવા જોઇએ જ. વિદ્વાનોનો સમૂહ જ્યાં વિપુલ સંખ્યામાં હોય અને જ્યાં આત્મકીર્તન, એકાગ્રધ્યાન માટે અનુકૂળતા હોય ત્યાં તીર્થંકરદેવના પગલાં વારંવાર પડે એ સમજાય તેવી વાત છે. શ્રમણ ભગવંત શ્રી **મહાવીરદેવે** ઉપરની સાનુકૂળતાના કારણે જ અહીં ઉપર વર્ણવેલા સ્થાનોમાં સંખ્યાબંધ ચાતુર્માસ કરેલા છે.

આ વેળાના ચાતુર્માસમાં સૌકરતાં શ્રેષ્ઠ લાભ મેળવનારી બે વ્યકિતઓ આગળ તરી આવી. **ज्ञानस्य फलं विरतिः** એ ન્યાયે **શ્રાવકવર પુન્યે** રોજ એક સ્વામીભાઇને જમાડી જમવાનો, અને સમભાવપૂર્વક સામાયિક કરવાનો નિયમ લીધો જ્યારે **શ્રાવિકા સુલસાએ** સામાયિક ઉપરાંત કોઇપણ જાતની છૂટ કે આગાર રાખ્યા વગર દર્શનગુણ યાને નિશ્ચય સમકિત ધારણ કરવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી. પ્રભુએ ઉભયને એના પાલનમાં દ્રઢતા કેળવવાની શિખામણ આપી, વર્ષાકાળ પૂરો થતાં વિહાર કર્યો. ગૃહસ્થ જીવનના ફળસ્વરૂપે સુલસાને ગર્ભ રહ્યાના ચિન્હો જણાવા માંડયા. એ અંગે પાકી ખાત્રી થતાં અને સુવાવડનો કાળ નજિક આવતાં પેલી દેવે આપેલી ગોળીઓ યાદ આવી. **હોણહાર મિથ્યા થતું નથી.** એ જ્ઞાની વચન છે. **ભવિતવ્યતા બળવાન** છે એમ નીતિકારો કહે છે અને પ્રચલિત દૂહો છે કે-માણસ ધારે હું કરું, કરનેવાલા કોય; આરંભ્યા અધવચ રહે, દેવ કરે સો હોય.' તેવું અહીં જે બન્યું તે હવે પછી જોવાશે.

**મોહનલાલ દીપચંદ ચોકસી**

**आयुःकर्म च वित्तं च, विद्या निधनमेव च ।**
**पञ्चैतान्यपि सृज्यन्ते, गर्भस्थस्यैव देहिनः ॥**

(અનુષ્ટુપ)

**વિદ્યા નિધન ને કર્મો, અર્થ આયુષ્ય કેટલું;**
**ગર્ભથી સર્વ પ્રાણીનું, નિશ્ચે થાય જ એટલું.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરભક્ત આનંદ

લેખક ડા. જ. દોશી એમ. એ. એસ. ટી. સી.

**ભગવાન** મહાવીરે ઉત્તમ પ્રકારના આદર્શોનો ઉપદેશ આપ્યો છે. તે આદર્શો પ્રમાણે ઘોર તપશ્ચર્યા અને ઉત્તમ પ્રકારના ચારિત્ર્યનું આચરણ કરી ઘણા મહાપુરુષોએ આત્માની ઉન્નતિ સાધી છે. એ ઉચ્ચ આદર્શોની આકરી કસોટીમાંથી પસાર થઈને તે વીર પુરુષોએ આત્મકલ્યાણ સાધ્યું છે. આ માટે તેઓએ ખૂબ જ પુરુષાર્થ કર્યો અને અનેક ઉપસર્ગો તેમજ મુશ્કેલીઓ સહી છે. છેવટે ઉત્તમ પ્રકારની વીરતા બતાવી સિદ્ધિ મેળવી છે.

જેવી રીતે ભ. મહાવીરે ઉત્તમ આદર્શો, આકરી તપશ્ચર્યાનો માર્ગ બતાવ્યો છે, તેવી જ રીતે ગૃહસ્થને આચરવાના માર્ગનું પણ નિરૂપણ કર્યું છે. જે આત્મા ગૃહસ્થજીવનનો ત્યાગ કરીને ઘોર તપશ્ચર્યા અને ઉચ્ચ આદર્શોનું સંપૂર્ણ પાલન કરવા સમર્થ ન હોય, તેમને માટે ગૃહસ્થ-ધર્મનો પણ તેમણે ઉપદેશ આપ્યો છે.

એ ગૃહસ્થ-ધર્મને યથાર્થ સમજવા માટે તેમના ગૃહસ્થ ભક્ત આનંદના જીવનનો પરિચય ઘણો જ માર્ગદર્શક બને છે.

ભ. મહાવીરનો એ ગૃહસ્થભક્ત વાણિજ્યગ્રામમાં રહેતો. તે ગામ ઘણું સુંદર હતું. લોકોના ધંધારોજગાર પણ તે ગામમાં સારા ચાલતા. એવા ઉદ્યોગપરાયણ શહેરમાં રહેવા છતાં પણ મહાવીરભક્ત આનંદે પોતાના વ્યવહાર સાથે ધર્મનું પાલન કરતા કરતા પોતાના આત્માની ઉન્નતિ સાધી.

મ. ભક્ત આનંદ પોતે પણ ધનિક છે. તેનું અઢળક ધન વ્યાપારમાં રોકાયેલું છે. તે વ્યાપારની કુશળતાથી ઘણું ધન કમાય છે. તેની વ્યાપારકુશળતા અને નીતિપરાયણતાથી તે લોકોમાં પણ પ્રશંસાપાત્ર બને છે અને સારી પ્રતિષ્ઠા મેળવે છે. તે ધર્મપરાયણ હોવા છતાં વ્યવહાર ધર્મની ઉપેક્ષા કરતા નથી. લોકો વ્યાવહારિક કાર્યોમાં અને વિવાહ વગેરે સામાજિક કાર્યમાં તેમની સલાહ લેવા આવતા. રાજકીય બાબતમાં પણ તે મ. ભકત આનંદ રાજાઓને સલાહ લેવાનું ઠેકાણું હતું.

તે જેવા વ્યવહારદક્ષ અને ધર્મ તેમજ: નીતિપરાયણ હતા તેવી જ તેમની પત્ની શિવાનંદા ધર્મપરાયણ હતી. ધનધાન્યની સમૃદ્ધિ તેમજ પ્રતિષ્ઠા હોવા છતાં તે બન્ને પોતાનો ગૃહસંસાર નિરભિમાનપણે અને સુખશાંતિથી ચલાવે છે. ન તો તમને આનંદના જીવનમાં ધનનો મદ દેખાશે કે ન શિવાનંદામાં ઘરેણા વગેરેનો શોખ નજરે પડશે. આટલું ધન હોવા છતાં તેમનો ગૃહસંસાર તેઓ આછકલાઇ વગર ચલાવે છે અને ધર્મને કયાંય ચૂકતા નથી. તે ઉપરાંત હંમેશા પોતાના આત્માની ઉન્નતિ કેમ થાય તેનું સતત ચિંતન કરે છે.

આ રીતે વીરભકત આનંદ તથા શિવાનંદા સુખેથી સંસાર ચલાવે છે. એવામાં એક વાર ભ. મહાવીર વિચરતા વિચરતા તે વાણિજ્યગ્રામમાં પધાર્યાં.

ભ. મહાવીરના આગમનના સમાચાર સાંભળી વીરભક્ત આનંદ અને શિવાનંદાના મન ખૂબ જ પ્રફુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લિપ્ત બન્યાં. એ ધર્મપરાયણ દંપતી હવે ભ. મહાવીરના ઉપદેશનો લાભ ન લે એ કેમ બને ? વીરભક્ત આનંદ અને શિવાનંદા તો નિયમિત ભ. મહાવીરનો ઉપદેશ સાંભળે છે. ભ. મહાવીરના ઉપદેશની બંને ઉપર ઘણી ઊંડી અસર થઈ, અને વીરભક્ત આનંદે વંદન કરી ભ. મહાવીરને કહ્યું, "હે ભગવાન, આપનો ઉપદેશ સાંભળી હું પાવન થયો છું. ખરેખર, આપે આપેલો ઉપદેશ આચરણમાં મૂકવા લાયક છે અને અમારા આત્માનું કલ્યાણ કરે એવો છે, પણ હે ભગવાન, હું ઘરસંસાર તજીને હાલ સાધુધર્મ અંગીકાર કરી શકું તેમ નથી, તો મને ગૃહસ્થધર્મનો ઉપદેશ આપો." તેમ કહી વીરભક્ત આનંદે ભ. મહાવીર પાસે ગૃહસ્થના બાર વ્રતો અંગીકાર કર્યાં.

વીરભક્ત આનંદની પત્ની શિવાનંદા પણ તેમના જેવી જ ધર્મપરાયણ અને સુશીલ હતી તેથી તેણે પણ તેના પતિની માફક ગૃહસ્થના બાર વ્રતો અંગીકાર કર્યાં.

આ રીતે બાર વ્રતોનું પાલન કરતા કરતા વીરભક્તે ચૌદ વર્ષ વીતાવ્યા. આ તો વીરનો સાચો ભક્ત હતો. તેને હવે પોતાના આત્માની આટલી પ્રગતિથી કેમ સંતોષ થાય ? સાચો વીરભક્ત ઉત્તરોત્તર પ્રગતિનો વિચાર કરતો જ હોય છે. વીરભક્ત આનંદે પણ વિચાર કર્યો કે "હવે મારો પુત્ર ઘરનો ભાર ઉપાડી લેવા તૈયાર થયો છે, તો હું બીજી ઉપાધિઓમાંથી મુક્ત થઈ આત્મસાધનમાં વધારે વખત પસાર કરું." આમ વિચાર કરી તેણે ઘરનો બધો કારભાર પોતાના મોટા પુત્રને સોંપ્યો અને પોતે પૌષધશાળામાં જઈને આત્મસાધના કરવા લાગ્યા. ત્યાં ઉપાસકની અગ્યાર પ્રતિમા સ્વીકારી આધ્યાત્મિક પ્રગતિ કરવા લાગ્યા. અનેક મુસ્કેલી ને કષ્ટો વેઠી તે આત્મસાધનામાં વધારે દૃઢ બન્યા. કોઈ વાર વધુ પડતા કષ્ટોથી તે નરમ બની જતા, તો ફરી સ્વસ્થ થઈ આત્મધ્યાનમાં લીન બનતા અને થયેલ ભૂલ માટે પ્રાયશ્ચિત્ત લઈ લેતા.

આમ તપશ્ચર્યા કરીને અને કષ્ટો વેઠીને તેમનું શરીર દુબળું થઈ ગયું પણ તેમનો આત્મા વધુ દૃઢ અને તેજસ્વી બન્યો. આત્મજાગૃતિથી તેમણે મનને વધારે વિશુદ્ધ બનાવ્યું. આટલી તપશ્ચર્યા અધૂરી હોય તેમ તેમણે અપશ્ચિમ મારણાંતિક સંલેખનાનું વ્રત લીધું. તેમણે નિરધાર કર્યો કે **'कार्यं साधयामि वा देहं पातयामि'**। મરણ સુધી મારે કંઈ પણ આહાર કે પાણી લેવું નહિ. અને આ દેહને માટે બીજા કોઈની સેવા લેવી નહિ કે કોઈને કષ્ટ આપવું નહિ. આ નશ્વર દેહની હવે બહુ આળપંપાળ કરવી નહિ, માત્ર આત્મસાધનામાં લીન બની મરણને ભેટવું."

આમ કરતાં તેમનું મન અને આત્મા ઉત્તરોત્તર પ્રગતિ કરતા ગયા. મનની વિશુદ્ધિ અને આત્માની તેજસ્વિતા ખૂબ જ વધી ગયા, વીરભક્ત આનંદ તો હવે આત્મસાધનાના માર્ગમાં લીન બની ગયા. આમ કરતાં કરતાં તેમનો આત્મા વધુ વિશુદ્ધ બન્યો અને તેમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું.

હવે અવધિજ્ઞાનથી તેઓ પૂર્વ, પશ્ચિમ ને દક્ષિણ દિશામાં પાંચસો યોજન સુધી જોઈ શકે છે, તેમજ ઉત્તરમાં ચુલ્લહિમવંત પર્વત સુધી અને ઊંચે સૌધર્મ કલ્પ અને નીચે રત્નપ્રભા નરક સુધી જોઈ શકે છે.

આટલી શક્તિ પ્રાપ્ત થવા છતાં આનંદ તો નમ્રતાની મૂર્તિસમા શાંત છે. આ રીતે આત્મધ્યાનમાં તેમનો વખત પસાર કરે છે અને આત્માની ઉન્નતિ કરી રહ્યો છે.

એવામાં ભગવાન મહાવીર વિચરતા વિચરતા ફરી વાણિજ્યગ્રામમાં પધાર્યા. તેમની સાથે તેમના પટ્ટશિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમ પણ છે. તેમણે પણ તપ અને બ્રહ્મચર્યના પ્રભાવથી ઉચ્ચ આત્મિક શક્તિઓ પ્રાપ્ત કરેલ છે, તે પણ સાક્ષાત્ શાંતિ અને સત્યોપાસનાની મૂર્તિ જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વાર તે ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરની આજ્ઞા લઇ ભિક્ષા લેવા ગયા ત્યારે આનંદની ધર્મ-પરાયણતા વિષે સાંભળ્યું, તેથી તેમને મળવા તે પૌષધશાળામાં ગયાં.

પૂજ્ય ઇન્દ્રભૂતિ ગૌતમને જોઇ આનંદના દિલના આનંદની સીમા ન રહી, પણ તેમનું શરીર તો તપથી દુબળું થઈ ગયું હતું, તેથી વિધિપૂર્વક વંદન ન કરી શકવાથી માત્ર ચરણોમાં ત્રણ વાર મસ્તક નનાવી વંદન કર્યું, અને પછી પોતાના મનના સમાધાન માટે એક પ્રશ્ન પૂછ્યો, ' હે ભગવાન, ગૃહસ્થને અવધિજ્ઞાન થાય ખરું ? "

ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમે જવાબ આપ્યો " હે શ્રાવક આનંદ, હા ગૃહસ્થને જરૂર અવધિજ્ઞાન થાય. "

આ સાંભળી વીરભક્ત આનંદે એટલી જ નમ્રતા અને નિરભિમાનતાથી કહ્યું, કે ' હે ભગવાન, તો મને પણ અવધિજ્ઞાન થયું છે અને હું અત્યારે પૂર્વ, પશ્ચિમ ને દક્ષિણ દિશામાં પાંચસો યોજન સુધી જોઇ શકું છું તથા ઉત્તરમાં ચુલ્લહિમવંત પર્વત તથા ઊંચે સૌધર્મકલ્પ સુધી અને નીચે રત્નપ્રભા નારકી સુધી જોઇ શકું છું. "

આ વાત સાંભળી ઇન્દ્રભૂતિ ગૌતમે કહ્યું. " હે આનંદ, ગૃહસ્થને અવધિજ્ઞાન થાય ખરું, પણ તમે કહ્યું એટલા વિસ્તારવાળું અવધિજ્ઞાન ગૃહસ્થને ન થાય, માટે તમે જે કહ્યું તે ખોટું છે, તેથી તેનું પ્રાયશ્ચિત કર. "

આ સાંભળી આનંદે નમ્રતાથી કહ્યું, " હે ભગવાન, મેં જે વાત કરી છે તે બિલકુલ સાચી છે, તો શું સાચી વાત કહેવા માટે ભગવાન મહાવીરના શાસનમાં પ્રાયશ્ચિત્ત લેવું પડે ? "

તેનો પ્રશ્ન સાંભળી ઇન્દ્રભૂતિ ગૌતમે કહ્યું કે આ પ્રશ્નનું સમાધાન આપણે ભગવાન મહાવીરને પૂછીને જ કરીશું.

તે પછી ઇન્દ્રભૂતિ ગૌતમે ભગવાન મહાવીર પાસે જઇને બધી હકીકત કહી અને પૂછયું, " હે ભગવાન ! શું ગૃહસ્થને આટલા વિસ્તારવાળું અવધિજ્ઞાન થાય ખરું ? "

તેના જવાબમાં ભગવાન મહાવીરે કહ્યું, " હે ગૌતમ, ગૃહસ્થને જરૂર આટલા વિસ્તારવાળું અવધિજ્ઞાન થાય, અને આનંદની વાત સાચી છે, તો તમારે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ અને આનંદ પાસે જઇને ક્ષમા માગવી જોઈએ. "


ઇન્દ્રભૂતિ ગૌતમ તો ખુદ ભગવાન મહાવીરના જ પટ્ટશિષ્ય હતા ને ? તે પણ ભગવાન મહાવીર જેટલા જ સત્યપ્રિય હોય ને ? તેમણે તુરતજ પ્રાયશ્ચિત્ત કર્યું અને આનંદ પાસે જઇને તેની ક્ષમા યાચી.

આવી રીતે તપશ્ચર્યા અને વ્રતનું પાલન કરીને આત્માને વધારે વિશુદ્ધ કરીને છેવટે આનંદ સમાધિ-મરણ પામ્યા અને સૌધર્મ કલ્પમાં દેવ થયા, ત્યાંથી મહાવિદેહમાં જન્મી મુક્તિને વરશે.

વંદન હો ભગવાન મહાવીરને ! વંદન હો પૂજ્ય ઇન્દ્રભૂતિ ગૌતમને ! અને વંદન હો વીરભક્ત આનંદને !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાવીર નિર્વાણનું વર્ષ

પ્રિન્સીપાલ ખીમચંદ ચાં. શાહ એમ. એ.

ભારતમાં ઐતિહાસિક યુગ મહાવીર અને બુદ્ધના સમયથી શરુ થાય છે. એટલે આ બંને ધર્મપ્રવર્તકોનો સમય નિશ્ચિત કરવાની જરુર રહે છે. આ માટે કેટલાક પ્રયાસો થયા છે, પણ હજી સુધી બુદ્ધ અથવા મહાવીરના નિર્વાણનું સર્વમાન્ય વર્ષ નક્કી કરી શકાયું નથી. અહીં ખાસ કરીને જૈન ગ્રંથોમાં આવેલા ઉલ્લેખોના આધારે મહાવીરના નિર્વાણનું વર્ષ નિશ્ચિત કરવાનો એક પ્રયાસ કરવામાં આવ્યો છે.

જૈનોમાં એક પરંપરા છે કે મહાવીર નિર્વાણની પછી ૬૦૫ વર્ષ અને ૫ માસ પૂરાં થયે શક સંવત્સરની ઉત્પત્તિ થઈ. સામાન્ય રીતે તેઓ આ પરંપરાને પ્રમાણભૂત માને છે. અને તેના આધારે વીર નિર્વાણ સંવત ચલાવે છે. તેઓ વીર નિર્વાણ સંવતના વર્ષને ગત વર્ષ ગણે છે. અને શક સંવતના વર્ષને ચાલુ વર્ષ ગણે છે. એટલે અત્યારના શક સંવત ૧૮૭૮ ને વી. નિ. સં. ૨૪૮૨ ગણે છે. આ ઉપરથી કેટલાક વિદ્વાનો મહાવીરના નિર્વાણને ઈ. સ. પૂર્વે ૫૨૭ મા વર્ષમાં મૂકે છે. હવે આપણે આ પરંપરાને જરા વિગતથી તપાસીએ.

મહાવીર નિર્વાણ પછી ૬૦૫ વર્ષ અને ૫ માસ પૂરાં થયે શક સંવત્સરનો આરંભ થયો એવો જૂનામાં જૂનો ઉલ્લેખ **तित्थोगाली पइन्नय**માં જડે છે. આ **पइ.** જણાવે છે કે જે રાત્રિએ મહાવીર સિદ્ધિ પામ્યા, તે જ રાત્રિએ અવંતિમાં પાલકનો રાજ્યાભિષેક થયો. વળી તે મહાવીર નિર્વાણથી શક રાજા સુધી નીચે પ્રમાણે રાજ્યત્વકાલ આપે છે.[1]

| | સમય વર્ષ | વી. નિ. સં. |
|---|---|---|
| પાલક | ૬૦ | ૦–૬૦ |
| નંદ વંશ | ૧૫૫ | ૬૦–૨૧૫ |
| મૌર્ય વંશ | ૧૬૦ | ૨૧૫–૩૭૫ |
| પુષ્યમિત્ર | ૩૦ | ૩૭૫–૪૦૫ |
| બલમિત્ર–ભાનુમિત્ર | ૬૦ | ૪૦૫–૪૬૫ |
| નભઃસેન | ૪૦ | ૪૬૫–૫૦૫ |
| ગર્દભિલ્લવંશ | ૧૦૦ | ૫૦૫–૬૦૫ |

**ति. पइ.** માં મૌર્ય સમ્રાટોનો વ્યક્તિગત રાજ્યકાલ આપેલો નથી પણ જૈનોમાં એક **हिमवंत थेरावली** છે, જેમાં આપેલી કેટલીએક પ્રાચીન હકીકતો વિશ્વસનીય જણાય છે. તેમાં આપેલો તથા પુરાણોના આધારે પાર્જિટરે નક્કી કરેલો તથા બૌદ્ધોના **महावंश**માં જણાવેલો પહેલા ત્રણ સમ્રાટોનો રાજ્યકાલ નીચે આપ્યો છે :—

| | हि. थे. | पार्जि. | महा. |
|---|---|---|---|
| ચંદ્રગુપ્ત | ૩૦ | ૨૪ | ૨૪ |
| બિંદુસાર | ૨૫ | ૨૫ | ૨૮ |
| અશોક | ૩૫ | ૩૬ | ૩૭ |

આ ઉપરથી અનુમાન થાય છે કે ચંદ્રગુપ્તે ૨૪

[1] ૧૮મી પ્રાચ્ય વિદ્યા પરિષદમાં સ્વીકારાયેલા નિબંધનો થોડા ફેરફાર સાથે ગુજરાતી અનુવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષ, બિંદુસારે ૨૫ વર્ષ* અને અશોકે ૩૬ વર્ષ રાજ્ય કરેલું હોવું જોઇએ. આ રાજ્યકાલ સ્વીકારતાં તેમનો સમય નીચે પ્રમાણે આવે છે :—

| | સમયવર્ષ. | વી. નિ. સં. |
|---|---|---|
| ચંદ્રગુપ્ત | ૨૪ | ૨૧૫–૨૩૯ |
| બિંદુસાર | ૨૫ | ૨૩૯–૨૬૪ |
| અશોક | ૩૬ | ૨૬૪–૩૦૦ |

એમ મનાય છે કે અશોકના મૃત્યુ પછી મૌર્ય સામ્રાજ્યના પૂર્વ અને પશ્ચિમ એમ બે વિભાગ પડી ગયા, અને પશ્ચિમ હિંદના સમ્રાટ્ તરીકે સંપ્રતિ ગાદીએ આવ્યો. **તિ. પ**. ની પરંપરા સ્વીકારનારા લેખકો ઉજ્જયિનીમાં સંપ્રતિનું રાજ્યારોહણ વી. નિ. સં. ૩૦૦ માં થયું હતું તેમ જણાવે છે, જે વિધાન ઉપરની કાલગણના સાથે મળી રહે છે.[૨]

શ્વેતાંબર જૈનોના મત પ્રમાણે મહાવીર પછી જે જે મહાન્ આચાર્યો થયા, તેમનાં દીક્ષા, યુગપ્રધાનત્વ, સ્વર્ગવાસ વગેરેનાં વર્ષોની નોંધ **સ્થવિરાવલી** માં મળે છે. આમાંથી જરૂરી વિગતો નીચે આપવામાં આવી છે :—[૩]

| | | | |
|---|---|---|---|
| આ. સ્થૂલિભદ્ર | દીક્ષા. | વી. નિ. સં. | ૧૪૬ |
| ,, | સ્વર્ગવાસ | ,, | ૨૧૫ |
| આ. મહાગિરિ | ,, | ,, | ૨૪૫ |
| આ. કાલક | સૂરિપદ | ,, | ૪૫૩ |
| ક્ષમા. જિનભદ્રસૂરિ | સ્વર્ગવાસ | ,, | ૧૧૧૫ |

હવે આ બંને કાલગણનાઓનો સ્વીકાર કરતાં કેટલીએક અસંગતિઓ ઊભી થાય છે. આપણે તેમાંની મુખ્ય અસંગતિઓનો અહીં વિચાર કરીએ.

(૧) આ. સ્થૂલિભદ્રનો સમય :

નવમા નંદના વંશપરંપરાગત મંત્રી શકટાલનું કાવતરાના પરિણામે ખૂન થયું. શકટાલના પુત્ર શ્રીયકને આ મંત્રીપદ આપવા નવમા નંદે ઇચ્છા કરી પણ એ પદ ઉપર પોતાના મોટા ભાઇનો હક્ક છે તેમ શ્રીયકે જણાવ્યું. આ મોટો ભાઈ છેલ્લા બાર વર્ષથી કોશા વેશ્યાને ત્યાં પડી રહેતો હતો. તેને બોલાવવામાં આવ્યો. પિતાનું ખૂન અને રાજ્યના કામકાજમાં રહેતી હંમેશની ખટપટ જોતાં તેને મંત્રીપદ સ્વીકારવાની ઇચ્છા ન થઈ, પરંતુ રાજાની ઇચ્છાનો અનાદર પણ થઇ શકે તેમ ન હતું. આ વિમાસણમાં વિચાર કરતાં તેને સંસાર તરફ તિરસ્કાર છૂટયો અને વૈરાગ્યભાવ સ્ફૂર્યો. એટલે તેણે આચાર્ય શ્રી સંભૂતિવિજય પાસે જઇ દીક્ષા લીધી. તેઓ આ. સ્થૂલિભદ્રના નામથી પ્રસિદ્ધ છે.[૪] તેમનો દીક્ષા સમય વી. નિ. સં. ૧૪૬ નો સ્વીકારવામાં આવે છે એટલે નવમો નંદ વી. નિ. સં. ૧૪૬માં ગાદી ઉપર હતો તેમ નક્કી થાય છે. હવે જો **તિ. પ**. માં આપેલી કાલગણના પ્રમાણે ચંદ્રગુપ્ત મૌર્યનું રાજ્યારોહણ વી. નિ. સં. ૨૧૫ માં થયું હોય તો નવમા નંદનો રાજ્યત્વકાલ ઓછામાં ઓછો સીત્તેર વર્ષ જેટલો લાંબો થવા જાય છે, પરંતુ પુરાણો પ્રમાણે પહેલા સિવાય બાકીના આઠે નંદોએ સાથે મળીને માત્ર બાર જ વર્ષ રાજ્ય કર્યું છે; બૌદ્ધોના મતે નવે નંદોએ સાથે મળીને માત્ર બાવીસ જ વર્ષ રાજ્ય કર્યું છે.[૫] એટલે અહીં અસંગતિ ઊભી થાય છે. જો કે **दुसमाकाल सिरि समण-संघ थयं** ની અવચૂરિમાં નવમા નંદનો રાજ્યત્વકાલ ૫૫ વર્ષનો આપવામાં આવ્યો છે પરંતુ આથી ઉપરની અસંગતિનું સમાધાન થતું નથી.

(૨) આ. મહાગિરિના સંપ્રતિના રાજ્યકાલ દરમ્યાન વિદ્યમાનતા.

એક એવો ઉલ્લેખ છે કે એક વખત સમ્રાટ્ સંપ્રતિના રાજ્યમાં ઉજ્જયિનીમાં જૈન સાધુઓને ભિક્ષા બહુ સરળતાથી મળતી હતી. તે ઉપરથી આ. મહાગિરિને શંકા ગઈ કે આમાં સમ્રાટ્ સંપ્રતિનો હાથ હશે. એમણે આ બાબતની તપાસ કરવા આ. સુહસ્તીને કહ્યું, પરંતુ આ. સુહસ્તીએ તપાસ ન કરતાં આ તો

* આ સમયમાં અનભિષિક્ત અશોકનાં ચાર વર્ષનો સમાવેશ ગણી લેવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોની ધર્મ ભાવનાને લીધે હશે તેવો જવાબ આપ્યો. આ ઉપરથી આ. મહાગિરિએ આ. સુહસ્તી સાથેનો ભોજન વ્યવહાર તોડી નાંખ્યો.[૬] ઉપરની કાલગણનાઓ પ્રમાણે આ. મહાગિરિનો સ્વર્ગવાસ વી. નિ. સં. ૨૪૫ માં છે, કે જે વખતે સંપ્રતિનો જન્મ પણ કદાચ નહીં હોય, કારણ કે તેનું રાજ્યારોહણ વી. નિ. સં. ૩૦૦ માં છે. અહીં અસંગતિ આવે છે.

(૩) શ્રી કાલકાચાર્યનો સમય :

શ્રી કાલકાચાર્યની કથા સુવિદિત છે, તેમાંની મુખ્ય હકીકતો ઐતિહાસિક હશે તેમ વિદ્વાનો માને છે. જૈન સાધ્વી સરસ્વતી બહુ સુંદર હતી, તેના રૂપથી મોહિત થઇ ઉજ્જયિનીનો ગર્દભિલ્લવંશીય રાજા (દર્પણ ?) તેને ઉપાડી ગયો. જૈનસંઘે તથા સાધ્વીજીના ભાઇ આચાર્ય કાલકે રાજાને ખૂબ સમજાવ્યો પણ તે માન્યો નહીં. આથી રાજાનો નાશ કરી સરસ્વતીને છોડાવવાની પ્રતિજ્ઞા લઇ આચાર્ય કાલક શક સ્થાનમાં ગયા. તે વખતે ત્યાં શકક્ષત્રપો રાજ્ય કરતા હતા. આ. કાલકના ધાર્મિક જીવનથી તથા તેમના જ્યોતિષના જ્ઞાનથી ક્ષત્રપો તેમના તરફ આકર્ષાયા. દરમ્યાન એવું બન્યું કે એ ક્ષત્રપોનો શહેનશાહ તેમના ઉપર ગુસ્સે થયો. તેમના ગુસ્સાનો ભોગ થવાને બદલે હિંદ તરફ નાસી છૂટવાની સલાહ આ. કાલકે તેમને આપી. આ સલાહ સ્વીકારી આ. કાલકને સાથે લઈ તેઓ સિંધમાં થઇને સૌરાષ્ટ્રમાં નાસી આવ્યા. ત્યાં સ્થિર થયા પછી તેમણે ઉજ્જયિની ઉપર ચડાઇ કરી અને ગર્દભિલ્લ રાજાને મારી સાધ્વી સરસ્વતીને છોડાવી. પરંતુ શકક્ષત્રપોની આ જીત બહુ ટકી નહીં. થોડા સમયમાં જ મરનાર રાજાના પુત્રે તેમને હરાવી પોતાની આણ ઉજ્જયિનીમાં સ્થાપી.[૭] હવે **સ્થવિ** પ્રમાણે આ. કાલકને સૂરિપદ વી. નિ. સં. ૪૫૩ માં મળેલું છે.[૮] એટલે આ બનાવો આ વર્ષની આસપાસના સમયમાં બનેલા હોવા જોઇએ. પરંતુ **તિ. પઇ.** ની કાલગણના પ્રમાણે ગર્દભિલ્લ વંશનું રાજ્ય વી. નિ. સં. ૫૦૫ માં શરૂ થયું છે એટલે અહીં પણ અસંગતિ આવે છે.

(૪) ક્ષમાક્ષમણ જિનભદ્ર ગણિનો સમય :

જિનદાસ મહત્તરે નંદિસૂત્રની ચૂર્ણિ શક સં. ૫૯૮ માં લખી છે. આ મહત્તરે કરેલા કેટલાક ઉલ્લેખો ઉપરથી જણાય છે કે તેમણે પોતાની યુવાન વયમાં વૃદ્ધ થયેલા ક્ષમા. જિનભદ્ર ગણિને જોયા હશે.[૯] હવે **સ્થવિ૦** પ્રમાણે ક્ષમા. જિનભદ્ર મહાવીર નિર્વાણ સંવત ૧૧૫ માં સ્વર્ગવાસ પામ્યા છે. જો શક સંવત્સરની ઉત્પત્તિ નિર્વાણ પછી ૬૦૫ વર્ષ પૂરાં થયે થઈ હોય તો ક્ષમા. જિનભદ્રનો સ્વર્ગવાસ શક સં. ૫૧૦ માં આવે એટલે જિનદાસ મહત્તરે તેમને જોયા હોય તે અસંભવિત બને. આ અસંગતિ પણ વિચારણીય છે.

(૫) કલ્પસૂત્રનું વાચન :

કલ્પસૂત્ર (બારસા) જૈનોમાં પર્યુષણ પર્વમાં વાંચવાનો રિવાજ છે. આ સૂત્રનું પ્રથમ વાચન વી. નિ. સં. ૯૮૦ માં વલભીના ધ્રુવસેન રાજા પાસે તેના પુત્રના મૃત્યુના શોક નિવારણ અર્થે થયું હતું તેમ મનાય છે. હવે વલભી સંવત શક સંવત ૨૪૧ માં શરૂ થયો હતો એટલે વલભી સંવતની શરૂઆત આ કાલગણના પ્રમાણે વી. નિ. સં. ૮૪૬ માં આવે. અને ઉપરનો પ્રસંગ વલભી સંવત ૧૩૪ માં બન્યો હોવો જોઇએ. પરંતુ વલભીના મૈત્રક વંશમાં ત્રણ ધ્રુવસેનો થઇ ગયા છે. અને સૌથી પહેલા ધ્રુવસેનનો સમય વલભી સંવત ૨૦૦ ની આસપાસનો છે. એટલે અહીં પણ અસંગતિ ઊભી થાય છે.

ઉપરની અસંગતિઓનો સમગ્રપણે વિચાર કરતાં મહાવીરસ્વામીનું નિર્વાણ શક પૂર્વે ૬૦૫ વર્ષ અને ૫ માસે થયું હતું તે પરંપરા સ્વીકારી શકાય તેવી લાગતી નથી.

હવે આ પ્રશ્ન આપણે જરા વિગતવાર તપાસીએ:

(૨)

જે સમયમાં મહાવીર અને બુદ્ધ ધર્મોપદેશ કરતા હતા તે સમય દરમ્યાન મગધના મહારાજા બિંબિસાર-(શ્રેણિક)નું મૃત્યુ થયું અને તેનો પુત્ર અજાતશત્રુ (કૂણિક) રાજગૃહની ગાદી ઉપર આવ્યો. ગાદીનશીન થયા પછી તેને પોતાના ભાઇઓ હલ્લ અને વિહલ્લ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે હાથી સેચનક માટે તકરાર થઇ. બંને ભાઇઓ હાથીને લઇને પોતાના માતામહ વૈશાલીના રાજા ચેટક પાસે નાસી ગયા. અજાતશત્રુએ આ બંને ભાઇઓને સોંપી દેવા માતામહ પાસે માગણી કરી પણ ચેટકે તે સ્વીકારી નહીં. આથી યુદ્ધ થયું અને ચેટકની હાર થઇ. જૈન ઇતિહાસમાં આ યુદ્ધ મહાશિલાકંટકસંગ્રામના નામે ઓળખાય છે.[૧૦] હવે અજાતશત્રુના ગાદીનશીન થયા પછી પ્રથમ હલ્લ વિહલ્લ સાથે તકરાર થવી, હલ્લ વિહલ્લનું વૈશાલીમાં નાસી જવું, ચેટક સાથે સમાધાન માટે મંત્રણા અને અંતે યુદ્ધ–આ બધા બનાવો બનતાં સહેજે પાંચ–છ વર્ષ લાગે એટલે મહાશિલાકંટકસંગ્રામ અજાતશત્રુના રાજ્યના પાંચમા કે છઠ્ઠા વર્ષમાં થયો તેમ માનવામાં બહુ વાંધા જેવું જણાતું નથી.

જૈનો માને છે કે મંખલીપુત્ર ગોશાલક પ્રથમ મહાવીરનો શિષ્ય હતો. પરંતુ પાછળથી જુદો પડી પોતાને તીર્થંકર મનાવી આજિવક મતનો તે પ્રચાર કરતો હતો. એક વખત શ્રાવસ્તીમાં તે મહાવીરની સાથે થઇ ગયો, અને મહાવીર સાથે તેણે કજિયો ઊભો કર્યો. મહાવીરને મારી નાખવાના ઇરાદાથી તેણે તેજોલેસ્યા છોડી પણ તે મહાવીરને સ્પર્શી ગોશાલક તરફ પાછી ફરી. એટલે ગોશાલકને દાહ શરૂ થયો. આથી ગુસ્સે થઇને તેણે મહાવીરને શાપ આપ્યો કે "તું છ માસમાં પિત્તજ્વરથી મૃત્યુ પામશે." મહાવીરે શાંતિથી જવાબ આપ્યો કે "હું પોતે હજી સોળ વર્ષ સુધી જીવવાનો છું, પણ તું આ દાહની પીડાથી સાત રાત્રીના અંતે મૃત્યુ પામશે." આ સાત દિવસ દરમ્યાન ગોશાલકે આઠ ચરિમોનો–અંતિમ વસ્તુઓના સિદ્ધાંતનો–ઉપદેશ આપ્યો કે આ વસ્તુઓ ફરી ફરીને બનવાની નથી. આ આઠ ચરિમોમાં એક ચરિમ મહાશિલાકંટકસંગ્રામ છે.[૧૧] એટલે આ ગોશાલક–મહાવીરનો પ્રસંગ મહાશિલાકંટકસંગ્રામ પછી બન્યો હોવો જોઇએ. અને ગોશાલકનું મૃત્યુ અજાતશત્રુના રાજ્યના છઠ્ઠા વર્ષ પછી હોવું જોઇએ.

બૌદ્ધ ગ્રંથોમાં એક ઉલ્લેખ છે કે એક વખત જ્યારે બુદ્ધ સામગામમાં હતા ત્યારે નિર્ગ્રંથ મહાવીર મૃત્યુ પામ્યા છે તેવા સમાચાર તેમણે સાંભળ્યા હતા. વળી એમ પણ સાંભળ્યું હતું કે મહાવીરના મૃત્યુ પછી તરત જ તેમના શિષ્યોમાં મોટો કલહ ઊભો થયો છે, અને તેઓ ગાળાગાળી–મારામારી કરીને છૂટા પડ્યા છે. આ ખબર સાંભળ્યા પછીના બીજા વર્ષમાં બુદ્ધનું મૃત્યુ થયેલું છે, એવો પણ ઉલ્લેખ છે. હવે જ્યારે જ્યારે જૈનોમાં મતભેદ પડ્યા છે ત્યારે ત્યારે તે મતભેદોની પાકી વિગતવાર નોંધ તેમણે સાચવી રાખી છે. મહાવીરના મૃત્યુ સમયે કોઇ પણ મતભેદ થયેલો જણાતો નથી, પરંતુ જ્યારે ગોશાલક, કે જે પોતાને જિન અને તીર્થંકર કહેવરાવતો હતો, તે મૃત્યુ પામ્યો ત્યારે તેના શિષ્યોમાં મોટી ફાટફૂટ પડી હતી તેવા ઉલ્લેખો જૈન પુસ્તકોમાં છે. હું માનું છું કે બુદ્ધે ગોશાલકના મૃત્યુના સમાચાર પોતાના મૃત્યુ પહેલાં લગભગ દોઢ વર્ષે સામગામમાં સાંભળ્યા હશે પણ પાછળના લેખકોએ ભૂલથી તે સમાચાર મહાવીરના નામે ચઢાવી દીધા હશે. જો આ વિધાન સ્વીકારીએ તો ગોશાલકનું મૃત્યુ બુદ્ધના નિર્વાણ પહેલાં લગભગ દોઢ વર્ષે થયું, અને તે ઉપરથી મહાવીરનું નિર્વાણ બુદ્ધના નિર્વાણ પછી લગભગ સાડા ચૌદ વર્ષે થયું તેમ માની શકાય. વળી આ વિધાન ઉપર આપેલા ગોશાલકના મૃત્યુ સબંધી વિધાન સાથે મળી રહે છે.

બૌદ્ધ પરંપરા પ્રમાણે અજાતશત્રુના રાજ્યકાળના આઠમા વર્ષ દરમ્યાન બુદ્ધનું નિર્વાણ થયું હતું.[૧૨] એટલે મહાવીરનું નિર્વાણ અજાતના રાજ્યકાળના ત્રેવીસમા વર્ષમાં થયું હતું તેમ માનવામાં હરકત નથી.

જૈન ગ્રંથકારો સર્વાનુમતે સ્વીકારે છે કે જે રાત્રિએ પાવામાં મહાવીરનું નિર્વાણ થયું તે જ રાત્રિએ અવંતિમાં પ્રદ્યોતવંશીય પાલકનો રાજ્યાભિષેક થયો. પાલકે સાઠ વર્ષ રાજ્ય કર્યું અને પછી નંદો આવ્યા તેવો **તિ. પઇ.** નો ઉલ્લેખ વિસ્તૃત અર્થમાં લેવાની જરૂર છે. હું તેનો એવો અર્થ કરૂં છું કે પાલક અને તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તરાધિકારીઓને અવંતિમાં રાજ્ય કરતાં સાઠ વર્ષ પૂરાં થયાં ત્યારે મગધમાં રાજકીય ફેરફાર થયો અને શિશુનાગ વંશનો ઉચ્છેદ કરી પ્રથમ નંદ રાજગૃહની ગાદી ઉપર આવ્યો. આ વિધાન પ્રમાણે નંદનું રાજ્યારોહણ અજાત. ના રાજ્યાભિષેક પછી ૮૩ મા વર્ષમાં થયું. પુરાણો અજાતનો રાજ્યકાળ ૨૫ વર્ષનો, દર્શકનો પણ ૨૫ વર્ષનો અને ઉદાયીનો ૩૩ વર્ષનો કહે છે.[૧૩] એ રીતે સમગ્ર કાળ ૮૩ વર્ષનો થાય છે. બૌદ્ધોનો મહાવંશ આ કાળ ૮૦ વર્ષનો આપે છે પરંતુ જૈન અને પૌરાણિક આંક મળે છે એટલે તેને સ્વીકારીએ અને મહાવંશના આંકને નકારીએ તો યોગ્ય ગણાય. આ પ્રમાણે ઉદાયીનું મૃત્યુ અને પ્રથમ નંદનું રાજ્યારોહણ વીર નિર્વાણ પછીન ૬૧મા વર્ષ (વી. નિ. સં. ૬૦) માં આવે છે.

ઉદાયી પછીના રાજાઓ અને તેમના રાજ્યત્વકાળ નીચે પ્રમાણે છે:—

| પુરાણ[૧૪] | | મહાવંશ[૧૫] | |
|---|---|---|---|
| નંદિવર્ધન | ૪૦ વર્ષ | શિશુનાગ | ૧૮ વર્ષ |
| મહાનંદિ | ૪૩ ,, | કાલાશોક | ૨૦ ,, |
| મહાપદ્મ | ૮૮ ,, | કાલાશોકપુત્રો | ૨૨ ,, |
| આઠ નંદો | ૧૨ ,, | નવનંદો | ૨૨ ,, |
| | ૧૮૩ | | ૯૦ |

જૈન ગ્રંથકારો આ રાજાઓનો રાજ્યત્વકાળ ૧૫૫ (અથવા ૧૫૦) વર્ષનો ગણે છે અને તે રાજાઓને નંદો કહે છે. જો કે એક બીજી પણ પરંપરા છે કે જેને હેમચંદ્રાચાર્ય જેવા મહાન આચાર્યનો ટેકો છે. આ પરંપરા પ્રમાણે નંદોનો રાજ્યત્વકાળ ૯૫ વર્ષનો થાય છે, અને નંદવંશનો અંત વી. નિ. સં. ૧૫૫માં આવે છે.[૧૬]

પૌરાણિક અને મહાવંશની નોંધો તપાસતાં એમ જણાય છે કે પુરાણો જેને નંદિવર્ધન તથા મહાનંદિ કહે છે, તેમને મહાવંશ અનુક્રમે શિશુનાગ અને કાલાશોક કહે છે. વળી એમ પણ જણાય છે કે કાલાશોકને કેટલાક પુત્રો હતા. પણ તેઓ એક પછી એક ઉત્તરોત્તર ત્વરિત કાળમાં રાજ્યાસને આવ્યા અને તેમનો એકંદર રાજ્યત્વકાળ એટલો ટૂંકો હતો કે પુરાણોને તેનો ઉલ્લેખ કરવો આવશ્યક ન લાગ્યો. માત્ર છેલ્લા પુત્ર મહાપદ્મે લાંબા વખત સુધી રાજ્ય કર્યું. આ મહાપદ્મ મહાન્ પરાક્રમી હતો, અને ઉત્તર હિંદનાં બીજાં રાજ્યો જીતી લઇને તે ચક્રવર્તી સમ્રાટ્ બન્યો હતો,

પુરાણો અનુસાર અવંતિનો પ્રદ્યોતવંશ ૧૩૮ વર્ષ ચાલ્યો છે, અને તેના પ્રથમ રાજા ચંડ મહાસેન પ્રદ્યોતે ૨૩ વર્ષ રાજ્ય કર્યું છે. મહાસેનનો ઉત્તરાધિકારી પાલક.[૧૭] એટલે પાલકથી પ્રદ્યોત વંશના અંત સુધીનો કાળ ૧૧૫ વર્ષનો થાય છે. ઉપર જણાવ્યું છે તે પ્રમાણે પાલકના રાજ્યારોહણ પછી ૬૦ વર્ષ પૂરાં થયે ઉદાયી મૃત્યુ પામ્યો ને પ્રથમ નંદ ગાદીએ આવ્યો. એટલે કે મગધમાં નંદોના રાજ્યકાલના ૫૫મા વર્ષમાં અવંતિના પ્રદ્યોત વંશનો અંત આવ્યો. મહાપદ્મ નંદે ક્ષત્રિય રાજાઓનો નાશ કર્યો અને તે ઉત્તર ભારતમાં એકમાત્ર ચક્રવર્તી સમ્રાટ્ થયો તે તો સર્વાનુમતે સ્વીકારાયું છે જ, તો પછી એ નક્કી થાય છે કે મહાપદ્મે જ અવંતિના પ્રદ્યોતવંશીય રાજા નંદિવર્ધનને, કૌશામ્બીના ઐલવંશીય ક્ષેમકને અને અયોધ્યાના ઇક્ષ્વાકુવંશીય સુમિત્રને હરાવ્યા, તેમને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યા, અને તેમનાં રાજ્યો ખાલસા કરી મગધ સાથે જોડી દીધાં. તેણે પોતાની વિજયયાત્રા રાજ્યારોહણ પછી કેટલાંક વર્ષો બાદ શરુ કરી હશે. એટલું તેનું રાજ્યારોહણ નંદોના રાજ્યકાળના ૫૦મા વર્ષથી મોડું સંભવી ન શકે. આ પૃથક્કરણ દર્શાવે છે કે નંદિવર્ધનનો ૪૦ વર્ષનો અને મહાનંદિનો ૪૩ વર્ષનો પુરાણોક્ત રાજ્યકાળ ભૂલભરેલો છે. તેમજ મહાપદ્મનો ૮૮ વર્ષનો રાજ્યકાળ પણ શંકાસ્પદ અને આધારહીન હોય તેમ જણાય છે. એટલે એટલું તો સ્પષ્ટ છે કે આ રાજ્યકાલ પુનર્વિચારણા માગી લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવંશ એમ નોંધે છે કે કાલાશોક (મહાનંદિ)-ના રાજ્યકાળને દશ વર્ષ પૂરાં થયે બુદ્ધના નિર્વાણની એક શતાબ્દિ પૂરી થઇ હતી.[૧૮] અર્થાત્ બુદ્ધના નિર્વાણ પછી ૯૧મા વર્ષે અને અજાત. ના રાજ્યારોહણ પછી ૯૮મા વર્ષે કાલાશોક ગાદી ઉપર આવ્યો. ઉપર આપણે જોયું છે કે શિશુનાગ (નંદિવર્ધન) અજાત.ના રાજ્યારોહણ પછી ૮૩મા વર્ષે ગાદી ઉપર આવ્યો. એટલે એ સ્પષ્ટ છે કે શિશુનાગે મહાવંશ કહે છે તે પ્રમાણે ૧૮ વર્ષ નહીં પણ ૧૫ વર્ષ રાજ્ય કર્યું. કાલાશોક(મહાનંદિ)ના ૨૮ વર્ષના રાજ્યકાળને સ્વીકારવામાં હરકત નથી. આ પ્રમાણે નંદિવર્ધન અને મહાનંદિ બંનેએ મળીને ૪૩ વર્ષ રાજ્ય કર્યું. એમ જણાય છે કે કંઇક ભૂલચૂકને લીધે પુરાણોએ આ સંયુક્ત રાજ્યકાળનાં ૪૩ વર્ષને માત્ર મહાનંદિનાં જ ગણાવ્યાં. વળી પુરાણોનો ખ્યાલ એવો છે કે નંદોએ ૧૦૦ વર્ષ રાજ્ય કર્યું. જૈનો માને છે કે નંદવંશ નંદિવર્ધનથી શરૂ થયો, જ્યારે પુરાણો સમજે છે કે નંદવંશની શરૂઆત મહાપદ્મથી થઇ. મહાપદ્મ પછીના આઠ નંદોએ સાથે મળીને ૧૨ વર્ષ રાજ્ય કર્યું. એટલે ૧૦૦ નો આંક પૂરો કરવા પુરાણોએ મહાપદ્મનો રાજ્યકાળ ૮૮ વર્ષનો ગણ્યો. આ રીતે આ આંક કપોલકલ્પિત જણાય છે. હવે પુરાણોએ નંદિવર્ધનને આપેલા ૪૦ વર્ષનો ખુલાસો કરવાનો રહે છે. હું સૂચવું છું કે આ વર્ષનો કાળ તે મહાપદ્મનો રાજ્યકાળ છે. અને તેમાં મહાનંદિ(કાલાશોક) ના અન્ય પુત્રોએ જે સમય માટે રાજ્ય કર્યું તેના પણ સમયનો સમાવેશ થઈ જાય છે. આ ગણત્રી પ્રમાણે નંદિવર્ધને ૧૫ વર્ષ, મહાનંદિએ ૨૮ વર્ષ, મહાપદ્મે ૪૦ વર્ષ અને આઠ નંદોએ ૧૨ વર્ષ રાજ્ય કર્યું – એ રીતે નંદોનો રાજ્યકાળ ૯૫ વર્ષનો થાય છે, અને ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે–આ ૯૫ વર્ષનો આંક હેમચંદ્રાચાર્યે નોંધેલી જૈન પરંપરાના આંક સાથે મળી રહે છે. પુરાણોક્ત ૧૦૦ વર્ષ તે માત્ર મહાપદ્મ અને તેના અનુગામીઓને જ નહીં પણ નંદિ. થી શરૂ થતા આખા વંશને આવરી લે છે અને તે ઉપર આવેલા ૯૫ વર્ષના આંકની તદ્દન નજીક છે એટલે આપણે ૯૫ વર્ષના આંકને સ્વીકારીએ તો વાંધા જેવું નથી. આ રીતે નંદવંશનો અંત વીર નિર્વાણ પછીના ૧૫૬ મા વર્ષ (વી. નિ. સં. ૧૫૫) માં આવે છે.

આગળ કહ્યા પ્રમાણે ચંદ્રગુપ્ત મૌર્યે ૨૪ વર્ષ, બિંદુસારે ૨૫ વર્ષ અને અશોકે ૩૬ વર્ષ રાજ્ય કર્યું છે. એટલે તેમનો રાજ્યત્વકાળ નીચે પ્રમાણે થાય છેઃ—

| | | |
|---|---|---|
| ચંદ્રગુપ્ત | વી. નિ. સં. | ૧૫૫ – ૧૭૯ |
| બિંદુસાર | ,, | ૧૭૯ – ૨૦૪ |
| અશોક | ,, | ૨૦૫ – ૨૪૦ |

આ પ્રમાણે વી. નિ. સં. ૨૪૦ પહેલાં થોડાં વર્ષ માટે સંપ્રતિ ઉજ્જયિનીમાં દંડનાયક હતો અને આ સાલ પછી એકાદ વર્ષે પશ્ચિમ હિંદનો સમ્રાટ બન્યો હતો.

આ ગણત્રી સ્વીકારતાં પહેલી બે અસંગતિઓનું સમાધાન થઇ જાય છે. અને વળી બુદ્ધના નિર્વાણ પછી ૨૧૮ મા વર્ષ દરમ્યાન અશોકનો રાજ્યાભિષેક થયો એ મહાવંશના વિધાન સાથે પણ આ ગણત્રી મળી રહે છે.[૧૯]

હવે આપણે વીર નિર્વાણ કાળને કોઈ પણ પ્રસિદ્ધ કાળક્રમ સાથે સાંકળવાનો પ્રશ્ન લઇએ. ઇ. પૂર્વે ૩૨૭–૩૨૫ ની સિકંદરની ચડાઇ એ હિંદના ઇતિહાસમાં નિશ્ચિત બીના છે એટલે ખ્રિસ્તી પંચાંગ સાથે વીર નિર્વાણ કાળને સાંકળવો સુગમ થઇ પડશે.

એ તો સમજાય એવી વાત છે કે જે લોકોએ સિકંદર સાથે તેના યુદ્ધોમાં ભાગ લીધો હશે તેમણે સ્વદેશ પાછા ફરતાં તેમના મિત્રોને તેમણે હિંદમાં શું જોયું અને શું સાંભળ્યું તેની વાતો કરી હશે. આ વાતોના આધારે ડાયોડોરસ, કવીન્ટસ અને પ્લુટાર્કે સિકંદરના સમયના ગંગાની આસપાસના પ્રદેશ તથા પૂર્વ પ્રદેશના રાજા વિશે કેટલાક ઉલ્લેખો કર્યા છે. એ તદ્દન સંભવિત છે કે પરદેશી ગ્રંથકારોએ અહીં જે જોયું તથા સાંભળ્યું તેનું પૂરેપૂરું હાર્દ તેઓ સમજી શક્યા ન હોય. વળી તેમની વાતો કર્ણોપકર્ણ થતાં અહીંતહીં વિકૃત પણ થઇ હોય, એટલે તેમના લખેલા અહેવાલો શબ્દે શબ્દ આધારભૂત હોઇ ન શકે, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે અહેવાલો ઉપર સમગ્રપણે વિચાર કરતાં એમ ચોક્કસ જણાય છે કે જ્યારે સિકંદરે બિયાસ નદીની નજીક પડાવ નાંખ્યો હતો ત્યારે ગંગાની આસપાસના તથા પૂર્વ પ્રદેશમાં જે રાજા રાજ્ય કરતો હતો તે નીચા કુળનો હતો તથા છેલ્લા રાજવીના પુત્રો જે કાયદેસર રાજ્યના વારસદારો હતા, તેમની હત્યા કરીને ગાદી પચાવી પડ્યો હતો. વળી સિકંદરને તેના હિંદી મિત્રોએ એમ પણ કહ્યું હતું કે જો કે આ રાજા પાસે બળવાન લસ્કર હતું, તો પણ જો તેની ઉપર હુમલો કરવામાં આવે તો તેને સહેલાઈથી હરાવી શકાશે. કારણ કે તેની પ્રજા તેને તેના નીચ કુળ ને દુષ્ટ સ્વભાવના કારણે ધિક્કારતી હતી.[૨૦] અજાતથી અશોક સુધીના માગધી રાજાઓની નામાવળી આપણે જો સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસશું તો જણાશે કે ઉપરોક્ત વર્ણન મહાપદ્મ અને તેનાં અંતિમ વર્ષોને બરાબર લાગુ પડે છે. મહાવંશ તેને કાલાશોક પુત્રોમાંનો એક ગણે છે, અને પુરાણો તેને શૂદ્રા સ્ત્રીથી જન્મેલો ક્ષત્રિય કુળનો ઉચ્છેદક અને એક શક્તિશાળી સમ્રાટ્ તરીકે વર્ણવે છે. સંભવ છે કે કાલાશોકના ક્ષત્રિય રાણીઓથી જન્મેલા પુત્રોનાં ખૂન કરીને આ શૂદ્રાથી જન્મેલો પુત્ર ગાદી પચાવી પડ્યો હોય અને પોતાની પ્રચંડ લસ્કરી તાકાતથી ઉત્તર હિંદના ક્ષત્રિય રાજાઓનો નાશ કરી મજબૂત હાથે ગંગાની આસપાસના તથા પૂર્વના પ્રદેશો ઉપર રાજ્ય કરતો હોય. આવો રાજા લોકપ્રિય ન હોય. વળી તેના મૃત્યુ બાદ ૧૨ વર્ષના ટૂંકા ગાળામાં ઉત્તરોત્તર આઠ રાજાઓ થઇ ગયા. એ બાના પણ દર્શાવી આપે છે કે આખું રાજ્ય સમ્રાટ્ના કડક સ્વભાવને કારણે જ નભી રહ્યું હશે, અને સમ્રાટ્ જેમ જેમ વૃદ્ધ થતો ગયો અને તેની શક્તિઓ નબળી પડતી ગઇ તેમ તેમ રાજ્ય પડતીની દશાએ પહોંચ્યું હશે. મારો અભિપ્રાય એ છે કે ઇ. પૂર્વે ૩૨૬ માં પાટલીપુત્રમાં મહાપદ્મ રાજ્ય કરતો હતો અને તે ઇ. પૂર્વે ૩૨૫ માં ગુજરી ગયો હતો.

ઈ. પૂર્વે ૩૨૫ થી ૩૧૩ સુધીનો કાળ હિંદમાં મોટી અંધાધુંધીનો કાળ છે, મહાપદ્મના મૃત્યુ પછી પૂર્વ પ્રદેશમાં ગાદી માટે ઘાતકી કાવાદાવા થવા લાગ્યા. તથા ઈ. પૂર્વે ૩૨૩ માં સિકંદરના મૃત્યુ પછી ઉત્તર અને પશ્ચિમ પ્રદેશોમાં ગ્રીકોને ઉથલાવી પાડવાનું તેમના હિંદી સાગ્રીતોએ શરૂ કર્યું. આ અંધાધુંધીનો લાભ લઇ ચંદ્રગુપ્ત મૌર્યે પોતાના સાહસિક જીવનની શરૂઆત કરી. તેણે પ્રથમ ગ્રીકોને હાંકી કાઢ્યા, તેના સાગ્રિતોને નમાવ્યા અને રાજ્યપદ ધારણ કર્યું. પછી તેણે નવમા નંદને હરાવી પાટલીપુત્રની ગાદી જીતી ઉત્તર ભારતનું ચક્રવર્તીપદ ધારણ કર્યું. આઠ નંદોએ કુલ ૧૨ વર્ષ રાજ્ય કર્યું છે એટલે ઉત્તર ભારતના ચક્રવર્તી સમ્રાટ્ તરીકે ચંદ્રગુપ્તના રાજ્યાભિષેકને હું ઈ. પૂ. ૩૧૩ માં મૂકું છું.

મેં દર્શાવ્યું છે કે મહાવીરના નિર્વાણને ૧૫૫ વર્ષ વીત્યાં ત્યારે ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક થયો. મેં એમ પણ દર્શાવ્યું છે કે એ બાના ઇ. પૂ. ૩૧૩ માં બની. એટલે કે ઇસ્વી સનની શરૂઆત પહેલાંનું ૩૧૩મું વર્ષ તે જ મહાવીર નિર્વાણ પછીનું ૧૫૬મું વર્ષ. આ ઉપરથી ફલિત થાય છે કે મહાવીરનું નિર્વાણ ઈ. પૂ. ૪૬૮મા વર્ષમાં થયું હતું. નિર્વાણ તિથિ કાર્તિકી (પૌર્ણિમાન્ત) અમાવાસ્યા છે. અને આ તિથિ ઑક્ટોબરમાં આવે છે. એટલે એમ સિદ્ધ થાય છે કે મહાવીરનું નિર્વાણ ઇ. પૂ. ૪૬૮ મા વર્ષના ઑક્ટોબર-માં થયું હતું. આ અગાઉ બુદ્ધનું નિર્વાણ ૧૪ વર્ષ, ૫ માસ અને પંદર દિવસે થયું હતું, એટલે તે નિર્વાણ-નો સમય ઇ. પૂ. ૪૮૨મા વર્ષના એપ્રિલનો આવે છે. બુદ્ધ નિર્વાણનો આ સમય રાહુલ સાંકૃત્યાયન[૨૧] અને અન્ય વિદ્વાનો સ્વીકારે છે.

આ કાલાનુક્રમ પ્રમાણે શક સંવતનો પ્રારંભ મહાવીરના નિર્વાણ પછી ૫૪૪ વર્ષ અને ૫ માસે થાય છે, એટલે કે વી. નિ. સં. ૫૪૪માં.

એટલું તો હવે સ્પષ્ટ થયું કે **તિ. પઇ.** ના કાલાનુક્રમમાં ૬૧ વર્ષની ભૂલ આવી ગઈ છે. હું માનું છું કે આ ભૂલ નંદિ. અને મહાનંદિની બાબતમાં થઈ છે તેવા જ પ્રકારની છે. મહાવીરના નિર્વાણથી પ્રથમ નંદના રાજ્યાભિષેક સુધીનો કાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૦ વર્ષનો છે, અને નંદોએ ૯૫ વર્ષ સુધી રાજ્ય કર્યું છે. અને એ રીતે નંદવંશનો અંત ૧૫૫ વર્ષે આવે છે. જૈનો નિખાલસતાથી કબૂલ કરે છે કે તેમના ઇતિહાસમાં બે વખત શ્રુત અને પારંપારિક જ્ઞાનનો લોપ થયો છે. દીર્ઘકાલી દુકાળોને લીધે આ જ્ઞાનને સાચવી રાખનાર જૈન મુનિઓને ભરણપોષણ માટે વિખરાઇને દૂર દૂરના દેશોમાં જવું પડ્યું હતું. આમ વિખરાઇ જવાથી પઠનપાઠન લગભગ બંધ થઇ ગયાં હતાં અને આ દીર્ઘકાળમાં ઘણા જ્ઞાનીઓ સ્વર્ગે ચાલ્યા ગયા હતા. જેઓ વિદ્યમાન હતા તેમનું જ્ઞાન શીર્ણ–વિશીર્ણ થઈ ગયું હતું. પરિણામે કંઠસ્થ જ્ઞાનને મોટો ધક્કો લાગ્યો હતો. દુકાળો પૂરા થતાં જ્યારે સારી વર્ષા થઇ અને અનાજનું ઉત્પન્ન પૂરતા પ્રમાણમાં થયું ત્યારે તેઓ પાછા વતનમાં ફર્યા અને એકબીજાને મળી અરસપરસ જે યાદ હતું તે સંભારી–સંસ્કારીને જ્ઞાનની પુનર્રચના કરી. સંભવ છે કે આવા પુનર્રચનાના સમયે આ ૧૫૫ વર્ષનો સંયુક્ત કાળ એકલા નંદો માટે જ ગણાઇ ગયો હોય, અને એ રીતે **ति. पह.** તથા તેને અનુસરનારા લેખકોએ નોંધી છે તે ખોટી ગણત્રી ઉપસ્થિત થઇ હોય. છતાં એમ પણ જણાય છે કે કોઈ કોઈ લેખકોએ સાચી ગણત્રી જાળવી હશે, જેને હેમચંદ્રાચાર્યે નોંધી છે.

વળી **ति. पह.** ગત શક વર્ષને વર્તમાન વર્ષ ગણવાની ભૂલ કરે છે. ૬૦૫ વર્ષ અને ૫ માસનો કાળ તે વીરનિર્વાણ વર્ષ અને વર્તમાન શક વર્ષ વચ્ચેનું અંતર છે એટલે સાચું અંતર ૬૦૪ વર્ષ અને ૫ માસનું છે. તેમાંથી ૬૦ બાદ કરતાં વી. નિ. સં. ૫૪૪માં ગર્દભિલ્લોનો અંત આવે છે અને વી. નિ. સં. ૫૪૪માં તેમના રાજ્યનો આરંભ આવે છે. આચાર્ય કાલક વી, નિ. સં. ૪૫૩માં સૂરિ થયા અને સરસ્વતીનો પ્રસંગ ત્યાર પછી તરત જ બનેલો હોવો જોઇએ. યતિ વૃષભ નોંધે છે કે એક શક વી. નિ, સં. ૪૬૧ માં રાજા થયો.[૨૨] હું માનું છું કે ગર્દભિલ્લોએ વી. નિ. સં. ૪૪૪થી ૪૬૧ સુધી રાજ્ય કર્યું. પછી સરસ્વતીને છોડાવવા આ. કાલકના પ્રેર્યા શકોએ ગર્દભિલ્લોને હરાવ્યા અને શક રાજા અવંતિની ગાદી ઉપર બેઠો. શકોએ લગભગ દશ વર્ષ રાજ્ય કર્યું, પછી ગર્દભિલ્લોએ તેમને હરાવી પોતાની અવંતિની ગાદી વી. નિ. સં. ૪૭૨માં પાછી મેળવી. ત્યારબાદ પુરાણો નોંધે છે તે પ્રમાણે તેમણે ૭૨ વર્ષ રાજ્ય[૨૩] કર્યું અને વી. નિ. સં. ૫૪૪માં શકોએ ફરીથી તેમને ઉખેડી નાખ્યા. આ શકોએ પશ્ચિમના ક્ષત્રપોનું રાજ્ય સ્થાપ્યું અને શકસંવત્સર ચાલુ કર્યો. આ રીતે ઉપર નોંધેલી ત્રીજી અસંગતિ પણ નિર્મૂળ થાય છે.

શક સંવત અને વીર નિર્વાણ સંવત વચ્ચે ૫૪૪ વર્ષ અને ૫ માસનું અંતર લેતાં ક્ષમા. જિનભદ્રસૂરિનો સ્વર્ગવાસ શક સંવત ૫૭૧માં આવે છે એટલે ચોથી અસંગતિનું સમાધાન થઇ જાય છે. વળી કલ્પસૂત્રના પ્રથમ વાચનનો સમય વી. નિ. સં. ૯૮૦ એટલે શક સં. ૪૩૬ એટલે વલભી સં. ૧૯૫ આવે છે જેથી પાંચમી અસંગતિનો ખુલાસો પણ થઈ જાય છે.

હવે વીરનિર્વાણ અને વિક્રમ સંવતનો વિચાર કરવાનો રહે છે. કેટલાક ગ્રંથોમાં વીરનિર્વાણ પછી ૪૭૦ વર્ષ પૂરાં થયે વિક્રમ સંવત ચાલુ થયો તેમ લખેલું છે. પણ કોઇ જૂની કાળગણના વિક્રમના નામે ચડી ઇ. સનના લગભગ નવમા સૈકામાં લોકપ્રિય થઇ હોય અને ત્યારથી લોકવ્યવહારમાં ચાલુ થઈ હોય તેમ જણાય છે. આ ઉપરથી આઠમા સૈકા પછીના લેખકોએ જૂની કાળગણના અને શક સંવત વચ્ચે ૧૩૫ વર્ષનું અંતર જોતાં **ति. पह.**ની ગણત્રીને આધારભૂત માની વિક્રમ રાજા મહાવીર નિર્વાણ પછી ૪૭૦ વર્ષે થયા તેમ નોંધ કરેલી છે. કોઇ કોઈ લેખકો વી. નિ. સં. ૪૭૦માં વિક્રમનું રાજ્યારોહણ દર્શાવે છે અને કોઇ કોઇ લેખકો તેનું મૃત્યુ જણાવે છે. આ ઉલ્લેખો, પાછળના લેખકોના હોવાથી બહુ આધારભૂત ગણાય નહીં.

આ વિચારસરણી પ્રમાણે આજે નિર્વાણ પછી ૨૪૨૨ વર્ષ વહી ગયાં છે. અને તેથી વિક્રમનું વર્ષ ૨૦૧૨ (શક વર્ષ ૧૮૭૭–૭૮) એ નિર્વાણ વર્ષ ૨૪૨૨ બરાબર છે અને નહીં કે હાલમાં જૈન પંચાંગો દર્શાવે છે તે પ્રમાણે ૨૪૮૨ ની.

જૈન પરંપરા અને ઇતિહાસના અભ્યાસીઓ અને વિદ્વાન્ મુનિમહારાજો આ વિષયમાં વિશેષ પ્રકાશ પાડશે તેવી હું વિનતિ કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંદર્ભો:—


१ जं रयणिं सिद्धिगओ अरहा तित्थंकरो महावीरो।
तं रयणिमवंतीए अभिसित्तो पालओ राया ॥
पालगरण्णो सट्ठी पणपण्णसयं वियाणि नंदाणम्।
मुरियाणं सट्ठिसयं पुणतीसा पूसमित्ताणम् ॥
बलमित्तभानुमित्ता सट्ठा चत्ताय होंति नहसेणे।
गद्दभ सयमेगं पुण पडिवन्नो तो सगो राया।
पंच य मासा पंच य वासा छच्चेत्र होंति वाससया।
परिनिव्वुअस्सऽरिहतो तो उप्पन्नो सगो राया ॥
तिं. पइ. गा. ६२०–६२३

२ दिनतो मम मोक्षस्य गते वर्षशतत्रये।
उज्जयिन्यां महापुर्यां भावी संप्रतिभूपतिः ॥
दीपालीकल्प, पृ. ११

३ मुनि दर्शनविजयः पट्टावलीसमुच्चयः, पृ. २३–२४

४ हेमचंद्राचार्य; परिशिष्ट पर्व, सर्ग ८.

५ सुकल्पादि सुता ह्यष्टौ समा द्वादश ते नृपाः।
Pargiter: Dynasties of Kali Age, Pp. 25–26.
तेऽपि द्वावीस वस्सानी रज्जं समनुसासिसुं
महावंस, परिच्छेद ५, गा. १९

६ बृहत्कल्पचूर्णि, उ १, पृ. १३५.

૭ શ્રી કાલકાચાર્ય કથા.

८ अस्मिंश्च वर्षे गर्दभिल्लोच्छेदकस्य श्री-
कालकाचार्यस्य सूरिपदप्रतिष्ठामभूत्।
मेरुतुंग विचारश्रेणी, पृ. ३.

९ श्री बहादुरसिंहजी सिंधी स्मृतिग्रंथ भा. ३,
पृ. १९१–१९६.
ભારતીય વિદ્યાભવન.

१० भगवती सूत्र. श. ७, उ. ९.

११ ,, श. १९ पृ. ६७८–६८०,

१२ अजातसत्तुनो वस्से अट्ठमे मुनि निव्वुतो।
महावंस, परिच्छेद २, गा. ३२.

१३–१४ Pargiter; Dynasties of Kali Age, P. 69.

१५ महावंस, परि. ४, गा. ६.–९; परि. ९, गा. १४–१५.

१६ एवं च श्रीमहावीरमुक्तेर्वर्षशते गते।
पंचपंचाशदधिके चन्द्रगुप्तोऽभवन्नृपः ॥
परिशिष्ट पर्व, सर्ग ८, श्लो. ३३९

१७–Pargiter : Dynasties of Kali Age, P. 68.

१८ अतीते दसमे वरसे कालासोकस्स राजिनो।
संबुद्धपरिनिव्वाणा एवं वस्ससतं अहु ॥
महावंस, परि. ४, गा. ८.

१९ जिननिव्वाणतो पच्छा पुरे तस्साभिसेकतो।
साट्ठारसं वस्ससतद्वयं एवं विजानियं ॥
महावंस, परि. ९, गा. ३१

२० Mc. Crindle : Invansion of India by Alexander the Great, Pp. 221-222, 281-282, 310.

૨૧ રાહુલ સાંકૃત્યાયન, બુદ્ધચર્યા, પ્રાક્‌–કથન પૃ. ૧૦.

२२ वीरजिणे सिद्धिगदे चउसदइगिसट्ठि
वासपरिमाणे।
कालम्मि अदिक्कंते उप्पण्णो एत्थ सगराओ ॥
तिलोयपण्णत्ती, गा. १४९६.

२३ Pargiter, Dynasties of Kali Age, P. 72.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંક્ષિપ્ત મહાવીર જીવન–દુહામાં

કર્તા : રતિલાલ દીપચંદ દેસાઇ

[ ગયા વર્ષે ભાઇશ્રી જયભિખ્ખુએ કથા–વાર્તાની રોચક શૈલીમાં ભગવાન મહાવીરનું ચરિત્ર "નિર્ગ્રંથ ભગવાન મહાવીર" નામે બહાર પાડયું હતું. ત્યારપછી તાજેતરમાં, એ પુસ્તકના સંક્ષેપરૂપે, અમદાવાદના શ્રી જીવણુ–મણિ–સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તરફથી, એના પ્રથમ પુસ્તક તરીકે, "ભગવાન મહાવીર" નામે પુસ્તક પ્રગટ થયું છે.

આ પુસ્તકમાં, "શ્રમણુ ભગવાન મહાવીરદેવ" નામે ભગવાન મહાવીરના જીવનસંબંધી કળાપૂર્ણ સુંદર ૧૫ ચિત્રોનો સંપુટ તૈયાર કરનાર જાણીતા કલાકાર ભાઇશ્રી ગોકુલભાઇ કાપડિયાએ ચીતરેલાં, ભગવાન મહાવીરના જીવનસંબંધી ૨૦ અને ભગવાન પાર્શ્વનાથનું એક મળી કુલ ૨૧ ચિત્રો આપેલાં છે. (આમાંનાં બે ચિત્રો જાણીતા ચિત્રકાર શ્રી ચંદ્રભાઇએ ચીતરેલાં છે.)

ઉપરના ૨૧ ચિત્રોમાંનાં ભ. મહાવીરના જીવનની વિશિષ્ટ ઘટનાઓને લગતાં ૧૯ ચિત્રોનો પરિચય ગદ્યમાં નહીં આપતાં પદ્યમાં–દુહામાં આપ્યો છે. મહાવીર જયંતી નિમિત્તે એ અહીં રજૂ કરવામાં આવે છે. આશા છે, એ વાચકોને ગમશે.]

### દુહા

( ૧ )

મધ્યરાત્રિની શાંતિમાં, ત્રિશલાદે ગુણમાલ;
સ્વપ્ન ચતુર્દશ દેખતાં, જાણે મંગલમાલ.

( ૨ )

સુણો નાથ ! સઘળે વધે, સુખ–શાંતિ ધન–ધાન;
હર્ષ વધે સહુ લોકમાં, શુભ સૌ છે વર્ધમાન.

( ૩ )

પાંચ રૂપ ઇન્દ્રે કરી, ગ્રહ્યા પ્રભુને હાથ;
લઈ આવ્યા મેરૂ ભણી, બહુ દેવોની સાથ.

( ૪ )

અમૃતસમ જળધારથી, ઇન્દ્ર કરે અભિષેક;
દેવ–દેવી ટોળે વળી, કરતાં આનંદ છેક.

( ૫ )

વૃક્ષે ભોરીંગ જોઇ સૌ, બાળક નાસી જાય;
વર્ધમાન દોરી પરે, દૂર ફગાવે કયાંય.

( ૬ )

માયાવી ત્યાં દૈત્યનું, રૂપ ધરે વિકરાળ;
વર્ધમાન એક મુઠ્ઠીથી, ગર્વ હરે તત્કાળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭)

નેત્રોમાં નિજ બંધુનાં, જોઇ શોકનાં નીર;
આજ્ઞા શીશ ચડાવતા, વિનમ્રભાવે વીર.

(૮)

ઉત્સવ ને મહોત્સવ મહીં, ભાવ ધરી ગંભીર;
ઘર ત્યાગી, ત્યાગી થવા, ચાલ્યા શ્રી મહાવીર.

(૯)

અભાગીયા એક વિપ્રને, આપી અર્ધું વસ્ત્ર;
સૌથી બડભાગી કર્યો, ધન્ય ધન્ય એ વસ્ત્ર!

(૧૦)

ગોપાલક અજ્ઞાનથી, મારે પ્રભુને માર;
વીર ચળે નહીં ધ્યાનથી, ધરે ન ખાર લગાર.

(૧૧)

ભેંકાર રૂપોથી રાતભર, ડરાવતો એક યક્ષ;
મેરુ સમ અવિચળ રહ્યા, વીર ધ્યાનમાં દક્ષ.

(૧૨)

ચંડકોશિયો ડંખ દઇ, કરતો વિષફુત્કાર;
વિષ સાટે કરુણાનિધિ, આપે શાંતિ અપાર

(૧૩)

નૌકા લાગી ડોલવા, બધાંય ચિંતિત થાય;
પ્રભુ વીરના પુણ્યથી, સઘળાં ઊગરી જાય.

(૧૪)

સંગમદેવે માસ છ, આપ્યાં કષ્ટ અપાર;
પણ નિજ પદના ધ્યાનથી, ચળ્યા ન વીર લગાર.

(૧૫)

ચંદનબાળા રાંકડી, પામે બહુ અપમાન;
અડદબાકળા વહોરીને, પ્રભુ વધારે માન.

(૧૬)

ગો દોવાને આસને, ધરતાં શુક્લધ્યાન;
પ્રસન્ન પ્રકૃતિમાં પ્રભુ, પામ્યા કેવળજ્ઞાન.

(૧૭)


આપે પ્રભુ જ્યાં દેશના, વૈરતણું નહીં નામ;
દેવ–પશુ–નર સાંભળે, બેસી એક જ ઠામ.

(૧૮)

ગોશાલક ગુસ્સે થઇ, ફેંકે દાહક તેજ;
પ્રદક્ષિણા દઇ વીરને, પાછું ફરતું એ જ.

(૧૯)

કાયા પિંજર ત્યાગીને, મુક્ત થયા મહાવીર;
દેવ, મનુજ શોકે કહે, વીર! વીર! હે વીર!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય સત્કાર

**તપોરત્નમહોદધિઃ** પૂ. મુનિ મહારાજ શ્રી ભુવનવિજયજી મહારાજ, પ્રકાશકઃ શ્રી જૈન ધર્મોપકરણ ખાતું. ત્રણ દરવાજા, સાંકડી શેરી. પાટણ, ક્રાઉન ૧૬ પેજી, પૃષ્ઠ ૪૫૦, મૂલ્ય રૂા. ૪.

કર્મશુદ્ધિ માટે જૈન શાસ્ત્રમાં તપને ખાસ મહત્વ આપવામાં આવેલ છે. અને જુદા જુદા પ્રકારે તપશ્ચર્યાની યોજના કરવામાં આવેલ છે. આમ શાસ્ત્રકારોએ તપનું મહત્વ ખૂબ દર્શાવ્યું છે અને જો કોઇ પણ તપ તેના મહિમાને બરાબર સમજીને કરવામાં આવે તો તેનું ઘણું સરસ ફળ મળે છે તેમાં શક નથી. જ્ઞાન અને ક્રિયાની એકવાક્યતા સાધી શકાય તે દૃષ્ટિએ આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો હોય તેમ દેખાય છે.

આ ગ્રંથમાં જુદા જુદા ૧૬૨ તપોનો મહિમા, તેનો હેતુ અને ક્રિયાની વિગત આપવામાં આવેલ છે, અને જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં ત્યાં સમયોચિત કથાઓ આપીને તપનું રહસ્ય અને તેટલું સરળ રીતે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે તેમજ કેટલાક તપમાં તે અંગેનાં ખાસ ચિત્રો તૈયાર કરાવીને પણ મૂકવામાં આવ્યા છે.

આમ તપના આરાધકોને દરેક રીતે ઉપયોગી થાય તેવી લગભગ તમામ રસસામગ્રી આ ગ્રંથમાં રજૂ કરવામાં આવેલ છે અને એ રીતે તપશ્ચર્યાપ્રેમીઓએ આ ગ્રંથ ખાસ વસાવી લેવા જેવો બન્યો છે.

જૈન ધર્મોપકરણ ગ્રંથમાળાનું આ પ્રથમ પુષ્પ છે અને તેનો પ્રયાસ આવકારદાયક છે, તે બદલ તેના પ્રકાશકોને અને સંપાદકને ધન્યવાદ આપવો ઘટે. અને ઇચ્છીએ કે આવા ઉપયોગી સાહિત્ય-પ્રકાશનની પ્રવૃત્તિને વધુ ને વધુ વિકસાવતા રહે.

**નિશ્ચય-વ્યવહાર :** લેખક: પ્રવચનકાર મુનિ મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવર. પ્રકાશક 'દિવ્ય દર્શન' કાર્યાલય, કાળુશાની પોળ-અમદાવાદ, ફુલ્સેસ ૧૬ પેજી પૃષ્ઠ. ૩૯૪. મૂલ્ય રૂા. ૨-૦-૦

છેલ્લા કેટલાક સમયથી સોનગઢખાતે શ્રી કાનજી સ્વામીએ 'નિશ્ચયનય' વ્યવહારની સ્થાપના કરી છે. અને તે અંગે પોતાની રીતે તેઓ પ્રચાર કરી રહ્યા છે. પ્રકાશકના શબ્દોમાં કહીએ તો આ નવા મતનો પ્રચાર કરતી વખતે તાર્કિકશિરોમણિ પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજને 'વ્યવહારમૂઢ' કહેવાની ધૃષ્ટતા કરવામાં આવે છે.

આમ આ નવા મતપ્રચારમાં ક્યાં ક્યાં ગેર-સમજ ફેલાવવામાં આવે છે, અને જૈન સિદ્ધાંતનો ક્યાં ક્યાં અવળો અર્થ સમજાવવામાં આવે છે, તેનો જવાબ આ પુસ્તકમાં રજૂ કરવામાં આવેલ છે.

'નિશ્ચય અને વ્યવહાર' ઉપર શાસ્ત્ર દૃષ્ટિએ વિસ્તારથી વિવેચન કરવામાં આવેલ છે તેમ 'સમયસાર' 'નિયમસાર' વગેરે કાનજીસ્વામીએ સ્વીકારેલ ગ્રંથોના આધારો ટાંકી, તથા મતપ્રચારમાં તેઓશ્રી ક્યાં ભૂલે છે તે બતાવવાનો પણ આમાં પ્રયાસ કરવામાં આવ્યો છે, અને તે માટે સંપાદકે શ્રમ પણ ઠીક ઠીક લીધો હોય તેમ દેખાય છે.

મૂળભૂત સિદ્ધાંતોની ગેરસમજ દૂર કરવા માટેનો આ પ્રયાસ જો રચનાત્મક શૈલિએ અને વધુ વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો જરૂર તે કારગત નિવડે.

**શ્રી જાસુદબેન જૈન પાઠશાળા અને કન્યાશાળા-મુંબઇ** સં. ૧૯૯૭ થી સં. ૨૦૧૦ સુધીનો રિપોર્ટ

૨૯ બ. શેઠ જીવતલાલ પ્રતાપશી સંચાલિત તેઓશ્રીના ધર્મપત્નીના નામે ચાલતી આ સંસ્થાએ સ્થાપનકાળથી તેર વરસમાં શું શું કર્યું તેની જાણવા જેવી વિગતો આમાં રજૂ કરવામાં આવી છે. ધાર્મિક શિક્ષણના પ્રચાર માટેનો પ્રયાસ આવકારદાયક છે.

**બાળકોના રોગો, એનાં કારણો અને ઉપચારોઃ**-લેખક વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ પ્રકાશક, ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લિ. ગોખલે રોડ-સાઉથ મુંબઈ નં. ૨૮ ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૮૦ મૂલ્ય ચાર આના.

બાળ-ઉછેરની દૃષ્ટિએ તેના નાનાં મોટાં રોગો, તેની સાવચેતી અને ઉપચારની વિગત આમાં સરસ અને સરળ રીતે રજૂ કરવામાં આવેલ છે. ઘરમાં રાખવા જેવી આ પુસ્તિકા પ્રમાણમાં સસ્તી પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## જન્મ-જયંતિ મહોત્સવ

આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજનો (જન્મ) જયંતી મહોત્સવ આ સભા તરફથી ગત ચૈત્ર શુ. ૧ તા. ૧-૪-૫૭ સોમવારે ઉજવવામાં આવતાં, રાધનપુરનિવાસી શેઠ સકરચંદભાઇ મોતીલાલભાઇ તરફથી મળેલ આર્થિક સહાયવડે પાલીતાણાખાતે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં, જ્યાં પૂ. ગુરુદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવ્વાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી. તેમ જ આ પ્રસંગે ભાવનગરથી સભાના સભ્યો ખાસ પધાર્યા હતા તેઓને સવારના શ્રી જેઠાલાલભાઈ તરફથી ચા નાસ્તો આપવામાં આવેલ અને સાંજના પ્રીતિ-ભોજન યોજવામાં આવેલ.

## ૭૫ મો જન્મોત્સવ

કવિવર્ય શ્રી મણીલાલ મોહનલાલ પાદરાકર કે જેઓ અધ્યાત્મજ્ઞાન અને યોગમાર્ગના અભ્યાસી તથા જાણીતા લેખક તેમ જ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના મંત્રી છે, તેઓએ ગત ચૈત્ર શુદી ૮ ના ૭૫ માં વર્ષમાં પ્રવેશ કરેલ હોવાથી મંડળ તથા તેમના મિત્રો અને સાહિત્યકારો તરફથી તેમનું બહુમાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યા મુજબ એક સન્માન સમિતિ શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ શેઠના પ્રમુખસ્થાને નીમવામાં આવી છે. ચૈત્ર માસમાં કવિ શ્રી પાદરાકરનું બહુમાન કરવું, તેમને અભિનંદનપત્ર આપવું તથા તેમનું સુંદર સ્મારક કરવું વિગેરે કાર્યો માટે એક સમારંભ યોજવા નક્કી કરવામાં આવ્યું છે.

કવિ શ્રી પાદરાકર ગુજરાત અને સાહિત્યના જગતમાં ખૂબ જાણીતા છે. વર્ષોથી તેઓએ અધ્યાત્મ વિદ્યા તથા યોગશાસ્ત્રનો અભ્યાસ તેમના ગુરુ યોગીશ્વર આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પાસે કર્યો હતો. ગુજરાતના તમામ પત્રોમાં તેઓ કાયમ લખતા રહ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદોમાં વંચાયેલા તેમના વિદ્વત્તાભર્યા નિબંધો પ્રશંસા પામ્યા છે. તેમણે ૪૨ ઉપરાંત તત્વજ્ઞાન, અધ્યાત્મયોગ, નવલકથાઓ, તત્વચિંતક કાવ્યો, રાષ્ટ્રસેવા અને ગુરુભક્તિ ઉપર પુસ્તકો લખ્યા છે. તેમનું છેલ્લું પુસ્તક 'મારાં સો કાવ્યો' શ્રી સસ્તું સાહિત્ય પ્રકાશ કાર્યાલય તરફથી પ્રસિદ્ધ થયું હતું. મુંબઇ અને મહાગુજરાતની અનેક સંસ્થાઓમાં તેમની સેવાઓ અખંડપણે જાણીતી છે. તેઓ હજી પણ સાહિત્યની ઉપાસના ચાલુ રાખી રહ્યા છે. તેમના "પંચોતેરમાં વર્ષે પંચોતેર કાવ્યો" ગુજરાતને અર્પણ તથા "મારા સો રાસ" પ્રેસમાં જઈ રહ્યા છે; જ્યારે તેમનાં "મારા સો લેખ" કે જે લગભગ પચીસસો પૃષ્ઠના થશે તે તૈયાર થઈ રહ્યાં છે. આમ ગુજરાતી સાહિત્ય અને જૈન સમાજની સેવા કરનાર કવિ શ્રી પાદરાકરને ગુજરાત અને જૈન સમાજ તેમના ૭૫ મા વર્ષે સન્માને તે સર્વાંગે ઊચિત જ છે.

આ સમારંભ ચૈત્ર મહિનામાં પાછલા ભાગમાં યોજાય એમ સંભવિત છે. તેમનું રાષ્ટ્રીય સાહિત્ય પણ વિપુલ છે. પૂજ્ય આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજના યોગ અને અધ્યાત્મ વિદ્યાના કર્મયોગ, અને આનંદઘનપદ ભાવાર્થ જેવા મહાન અને વિરાટ કદના ગ્રંથો તેઓએ સંપાદિત કર્યા છે.

## માનનીય-સભ્યોને

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સં. ૨૦૧૩ની સાલના ભેટ-પુસ્તકો પોસ્ટ ખરચના રૂા. ૧-૮-૦ના વી. પી. થી રવાના કરવામાં આવેલ. તેમાંના કેટલાકના વી. પી. લક્ષદોષથી પાછા આવેલ છે, તો તેઓશ્રીને વિનતી કે-વી. પી. ખર્ચના રૂા. ૧-૮-૦ મોકલી કિંમતી પુસ્તકો મંગાવી લ્યે. પુસ્તકો કિંમતી છે તો આ લાભ લેવાનું તેઓશ્રી ન ભૂલે.

સ્થાનિક લાઇફ મેમ્બરોએ વૈશાક શુ. ૧૫ સુધીમાં પોતાના ભેટ-પુસ્તકો સભાએથી લઇ જવા વિનતી છે, ત્યારબાદ ભેટ-પુસ્તકો આપી શકાશે નહિ, તો સત્વરે મંગાવી લેવા વિનતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# પ્રેમ મુક્તિ તરફ લઈ જાય છે

સ્થૂલ શરીર ઉપરનો પ્રેમ એ મોહ છે. પ્રભુ ઉપરનો પ્રેમ એ જ પ્રેમ અથવા ભક્તિ છે. એ જ સાચો પ્રેમ છે. તેને પ્રેમને ખાતર પ્રેમ કહી શકાય. કંઈક અંગત લાભને માટે કોઈને ચાહવું એ સ્વાર્થી પ્રેમ છે. આવો પ્રેમ તમને દુનિયા સાથે જકડી દે છે. બધાં પ્રભુનાં જ સ્વરૂપો છે એવી ભાવનાથી બધાં પ્રાણીઓને ચાહવું એ પવિત્ર પ્રેમનું લક્ષણ છે, એને જ આપણે દૈવી પ્રેમ કહી શકીએ. આવો પ્રભુમય પ્રેમ મુક્તિ તરફ લઇ જાય છે. સાત્વિક પવિત્ર પ્રેમ મુક્તિ અપાવે છે, હૃદયને પવિત્ર બનાવે છે અને દિવ્યતાની પ્રાપ્તિ કરાવે છે. પ્રભુ પ્રેમ સ્વરૂપ છે. એ પ્રેમનો "દરિયાલાલ" છે. જો તમારે પ્રભુની પ્રાપ્તિ કરવી હોય તો તમારે પ્રેમમય બનવું જોઇએ.

પવિત્ર પ્રેમ એ પરમ સુખ છે. પવિત્ર પ્રેમ મધુર છે, માટે પ્રેમથી બોલો; પ્રેમથી વર્તન કરો; પ્રેમથી સેવા કરો; આમ કરશો તો તમે સ્વર્ગમાં પ્રવેશ મેળવશો, અથવા બીજા શબ્દોમાં કહીએ તો તમે ઉચ્ચ કોટિની શાંતિ મેળવશો. દ્વેષથી દ્વેષ મટતો નથી, પણ પ્રેમથી દ્વેષ અટકે છે. દ્વેષના બદલામાં પ્રેમ આપો. થોડો પ્રેમ કરો પણ તે ટકાવી રાખો. સહન કરી શકે તેનું નામ જ પ્રેમ. પ્રેમ પ્રેરણા આપે છે, જીવન ઉજ્જવળ બનાવે છે અને ભૂલેલાંને માર્ગદર્શક બને છે. પ્રેમ પ્રાપ્ત કરવાની કે આપલે કરવાની વસ્તુ નથી, પરંતુ સમર્પણનું બીજું નામ પ્રેમ છે. પ્રેમ એટલે સજ્જનતા, શાંતિ અને પવિત્ર જીવન.

પ્રેમ આ દુનિયામાં સૌથી ઉત્તમ વસ્તુ છે. તે તૂટેલાં હૃદયોને સાંધે છે. પ્રેમ મોક્ષનું દ્વાર ઉઘાડવા માટેની ગુરુ ચાવી છે. પ્રેમથી પ્રેમ પ્રકટે છે. પ્રેમ એ જ જીવનનો તારણહાર છે. પ્રેમ દિવ્યામૃત છે. એનાથી મનુષ્યને અમરતા, શ્રેષ્ઠ શાંતિ અને શાશ્વત આનંદ સાંપડે છે.

સ્વામી શિવાનંદ

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ–શ્રી આનંદ પ્રી. પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only